**॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥**

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**તંત્રી :** શ્રી તરલા દેસાઈ, ડૉ. અરુણા ઠાકર

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167,
આનંદનગર, ભાવનગર-૫ ફોન નં. ૯૪૨૬૬૫૬૫૫૧

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
ફોન : ૯૪૨૬૩૪૭૩૪૪

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com P.9428222357

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં આછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

# ॥ વિશિષ્ટ સહયોગ ॥

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુનાં એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયાં. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેન યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યાં છે.

આભાર. ધન્યવાદ.

–'મા' સર્વેશ્વરી

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥
તા.૧૩ નવેમ્બર, ૧૯૪૩
(પૂજ્ય 'મા' સર્વેશ્વરીનો પ્રાગટ્યદિન)

# 'અધ્યાત્મ'નો વિશેષાંક
# ॥ સ્નેહેશ્વરી 'મા' સર્વેશ્વરી ॥

'હે મા શારદે ! તારી પૂજાનું ફૂલ થવાની શક્તિ દે.'



# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | નિવેદન | ૫ |
| ૨. | 'મા' તમે તો મીરાં ! | ૮ |
| ૩. | શ્રી યોગેશ્વર કથામૃત ('મા' સર્વેશ્વરી) | ૧૫ |
| ૪. | 'મા' સર્વેશ્વરીની જીવનઝરમર | ૧૭ |
| ૫. | કર્પૂરવનમાં જન્મ | ૧૮ |
| ૬. | માતાપિતાનો અમૂલ્ય સંસ્કારવારસો | ૨૧ |
| ૭. | શૈશવનાં સંસ્મરણો | ૨૯ |
| ૮. | વ્યારામાં અભ્યાસ | ૩૩ |
| ૯. | સુરત સાધના વિદ્યાભવનમાં શિક્ષણકાર્ય | ૪૧ |
| ૧૦. | પરમ સદ્‌ગુરુસંનિધિ | ૪૨ |
| ૧૧. | 'મા' સર્વેશ્વરી-શ્રી યોગેશ્વરજીનો ચૈતન્યસંબંધ | ૪૪ |
| ૧૨. | મૌનમયી 'મા' સર્વેશ્વરી | ૪૬ |
| ૧૩. | 'મા' સર્વેશ્વરીની શબ્દસંનિધિ | ૪૭ |
| ૧૪. | સ્વર્ગારોહણ : 'મા'નું આંતરદર્પણ | ૪૯ |
| ૧૫. | શ્રી યોગેશ્વરજીની દૃષ્ટિએ 'મા' | ૫૪ |
| ૧૬. | 'મા'ની સહજાવસ્થા | ૫૬ |
| ૧૭. | 'મા' સર્વેશ્વરીની સાંપ્રત છબી | ૫૮ |
| ૧૮. | 'મા' માટે એકાંત મૌન કેમ અનિવાર્ય ? | ૬૧ |
| ૧૯. | એ'કાન્ત' માટે 'મા'ની સર્વ સાધના | ૬૩ |

# નિવેદન : 'મા' અનુગ્રહનું આકાશ છે.

'૧૩ નવેમ્બર' એટલે આપણા સર્વ માટે કેલેન્ડરમાં 'કુમકુમનાં પગલાં પાડતી, માડી આવ્યાનાં એંધાણ આપતી' શુભ, પવિત્ર તારીખ !

આ પુનિત દિને પરમેશ્વરે પૃથ્વી પર આપણાં સ્નેહેશ્વરી 'મા'ને પ્રગટ કરી, કોઈ એકલદોકલ વાદળ નહીં, અનુગ્રહનું આખેઆખું આકાશ આપણા મસ્તકે ધરી દીધું છે. આ કૃતજ્ઞતાનો ઉલ્લેખ 'અધ્યાત્મ'ના આ અંકમાં કરવા જતાં :

**'કશુંક લખવા જતાં કાગળ જાજમ બની જાય**
**નમન કરવા જતી કલમ બંદગી થઈ જાય.'**

એવી ભાવસ્થિતિ થઈ જાય એમાં શું આશ્ચર્ય ?

આપણે સર્વ પ્રતીત કરી ચૂક્યા છીએ કે, 'આ 'મા' કોઈ દેહધારી વ્યક્તિ નથી, એ વિશ્વાત્માનું અવતરણ છે.' 'મા'ના જીવનની પ્રત્યેક ક્ષણ પ્રભુસમર્પિત હોવા છતાં પ્રભુનિર્મિત સૃષ્ટિ માટે પ્રભુદત્ત શક્તિનો વિનિયોગ કરવામાં પળનો યે પ્રમાદ એમણે સેવ્યો નથી. દિવ્યતાથી વિભૂષિત 'મા'એ માનવતાની જ્યોત સદા ઝળહળ રાખી છે.

જેમ સૂર્યને કંઈ કરવાપણું નથી છતાં સમસ્ત સૃષ્ટિમાં તે ચેતન પ્રેરે છે તેમ 'મા' પોતે કંઈ કરતાં નથી પણ જે 'મા'ના સમાગમમાં આવે છે, તેનામાં રહેલી 'સુપ્ત શક્તિ' એકાએક



જાગી જાય છે અને એની પ્રેરણાથી કંઈ કેટલીય સત્પ્રવૃત્તિઓને વેગ મળે છે. 'સ્વર્ગારોહણ'ની અગણિત લોકકલ્યાણ માટેની પ્રવૃત્તિઓ, સર્વમંગલ ટ્રસ્ટના સર્વ આયોજનોનો ઈતિહાસ આની સાહેદી પૂરે છે. વર્ષોવર્ષ અહીં આવનાર ભાવિકોની સાત્ત્વિકતામાં રૂપાંતરિત થતી દુન્યવી વૃત્તિઓ, પ્રભુશ્રદ્ધા તેમજ આત્મશ્રદ્ધાના સંતુલન દ્વારા સંસારમાં રહે, છતાં સંસાર તેમનામાં ન રહે; એવી તૈયારી માટે પ્રેરતી 'ચેતનાનું નિર્માણ' એ 'મા'ના અહેતુક પ્રેમનું પરિણામ છે.

'ભક્તિ' જેનો સ્થાયી ભાવ હોય, કરોડો જપથકી પ્રભુ સાથે હર પળનું સાયુજ્ય હોય, જે સંકલ્પ-વિકલ્પથી મુક્ત હોય, સહજ હોય, કોઈપણ ઉધમાત વિના પ્રાપ્ત પરિસ્થિતિને સ્વીકારી લઈ, અંતરને અજવાળ્યા કરવાની જેની નેમ હોય. સમગ્ર જીવનને જ સાધનામાં પરિવર્તિત કરી દેવાની જેની ધૂન હોય, 'જે દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત' એવાં આત્મસ્વરૂપા 'મા'ને આપણા કોટિ કોટિ પ્રણામ પણ ઓછા પડે.

'મા' એ સમગ્ર માનવજાત માટે જે કંઈ કર્યું છે, જે કંઈ કરી રહ્યાં છે, જે રીતે કરી રહ્યાં છે; એનો અંદાઝ ગમે તેટલી વિગતો એકઠી કરવા છતાં આપી શકાય તેમ નથી. જેમ અંધારા ખંડના રજકણો પર પડતા સૂર્યકિરણોના ચમકારાથી સૂર્યનો મહિમા જાણી શકાય નહીં તેમ !

આવાં પરમ કલ્યાણમયી 'મા'નું દર્શન, એમની પવિત્ર સંનિધિ આપણને પ્રતીતિ કરાવે છે કે; 'વિદ્વત્તા કે પાંડિત્ય નહીં

પણ ચૈતન્યમયી 'મા'નો સ્પર્શ, આધ્યાત્મિક સંચાર આપણને ચૈતન્યવંત બનાવશે. અને એ જ પળ આપણી દીક્ષાની હશે. ક્ષણમાત્રમાં જીવનનું પરિવર્તન કરી શકનાર શક્તિ 'મા' જેવા 'જીવંત તેજોમય આત્મામાંથી' જ આપણને મળશે.'

સાચે જ, ''મા' એ ઈશ્વરે ધારેલો ગુપ્ત વેશ છે. આપણે જેમ જેમ તેમને જોયા કરીએ તેમ તેમ તેમનું બાહ્યરૂપ ધીરે ધીરે અદૃશ્ય થતું જાય અને ઈશ્વર સ્વયં પ્રગટ થાય.' આ અનુભૂતિના સ્તરે આપણને પહોંચાડવા જ 'મા' આપણને વારંવાર કહે છે : ''મા'ને માત્ર જોયા કરો.' કદાચ આપણું જોવું જ, 'મા'નું દર્શન. ઈશ્વરનો સાક્ષાત્કાર બની જાય !

'સંભવામિ યુગેયુગે'નો અર્થ એવો નહીં કે, શ્રીકૃષ્ણ મોરલીમનોહરરૂપે જ આવે. નવા યુગની નવી આકાંક્ષાઓની પૂર્તિરૂપે શ્રીકૃષ્ણ નવે સ્વરૂપે, નવું અવતારકૃત્ય લઈને પણ આવે. એ વીણાધારિણી સરસ્વતીને 'સ્લેટધારિણી 'મા' સર્વેશ્વરીસ્વરૂપે' જગતસંમુખ ધરે.

'મા'માં દિવ્યતાનું અલૌકિક તત્ત્વ છે. જે આંખોમાંથી પ્રેમરૂપે નીતરે છે, વાણીમાંથી મધુરૂપે ઝરે છે, મૌનમાંથી નીરવ સૌંદર્યરૂપે પ્રસરે છે, લેખિનીમાંથી અમૃતરૂપે સ્રવે છે. એમનામાં પદાર્થને જોતાં જ એનું રૂપ બદલી નાંખવાની ક્ષમતા છે.



# ॥ 'મા' તમે તો મીરાં ! ॥

જે પ્રભુને તીવ્રતાપૂર્વક ચાહે એ 'મીરાં'. એ વ્યાખ્યાને આધારે ભારત પર નજર કરીએ તો 'એક મીરાં ચિતોડમાં થયાં, એક શ્રીરંગમ્‌માં આંડાલ, એક કાશ્મીરમાં લલ્લેશ્વરી, એક કર્ણાટકમાં અક્કા મહાદેવી, એક સૌરાષ્ટ્રમાં ગંગાસતી તો ગુજરાતમાં 'મા' સર્વેશ્વરી થયાં. 'નામરૂપ જૂજવાં, અંતે હેમનું હેમ.'

કવિશ્રી નિરંજન ભગતે જે માર્મિક શબ્દોમાં મીરાંના સમગ્ર અસ્તિત્વનો સાર કહ્યો છે, એ શબ્દો 'મા' સર્વેશ્વરીના સ્વ-રૂપનો સંપૂર્ણ પરિચય કરાવવા સક્ષમ છે : 'આ વિશ્વમાં એક માત્ર પરમેશ્વર જ મારો છે, અન્ય કોઈ મારું નથી એવું કહેવાની જેનામાં 'વિરક્તિ' હોય અથવા તો આ વિશ્વમાં હું એકમાત્ર પરમેશ્વરની જ છું, અન્ય કોઈની નથી એવું કહેવાની જેનામાં 'અનુરક્તિ' હોય એ 'મીરાં' છે.'

'મા' સર્વેશ્વરીના મન-અંતરમાં કોઈ શુભ ક્ષણે પ્રગટી ગયેલો સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજી માટેનો સ્નેહ સંકીર્ણ ન રહેતાં, વિશાળ બની સહસ્ર-સહસ્ર ધારાઓરૂપે સમગ્ર સમષ્ટિને પખાળી રહ્યો છે. 'મા' લખે છે કે, 'પહેલાં પૂજ્યશ્રીનું સ્મરણ રહેતું રૂપરંગરૂપે ! પણ હવે સઘળું વિસ્મૃત. ગુરુ એ જ ભગવાન-પરબ્રહ્મરૂપ !' તે જ ધ્યેય અને તે જ સર્વસ્વ ! મીરાંની જેમ જ જાણે 'મા' કહે છે :

**'આપ બિના મોહે કછુ ન સુહાવે'**

એટલે જ તેમણે સ્નેહછલકતું કુટુંબ તેમજ હાઈસ્કૂલમાં બબ્બે પાળીમાં કર્તવ્યરત આચાર્યપદ એક પળનો પણ વિલંબ કર્યા

વિના ત્યાગી, ગુરુસેવા નિમિત્તે સમસ્ત જીવન સમર્પી દીધું.

ઈ.સ.૧૯૭૦થી ગુજરાતના કર્પૂરવનમાં 'મેરે તો યોગેશ્વર ભગવાન' એ અનુભૂતિ ગવાઈ નહીં, પણ જીવાવા માંડી તે આજપર્યંત સળંગ સાતત્યથી જીવાય છે. મીરાંના શબ્દોમાં કહીએ તો :

'ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે.'

મીરાંની જેમ 'મા'એ પણ ભજનો સહજ ભાવે લખ્યાં છે. (ગાયાં પણ છે એની અનેક કેસેટો, સી.ડી., ડી.વી.ડી. પણ છે.) પ્રભુ સાથેનો આંતરનાતો 'મા'નાં ભજનોને સેતુ બનાવીને જંપે છે. આ નાતો દૃષ્ટા-દૃશ્ય, શ્રોતા-વક્તાનો નહીં, હૃદય-હૃદયને જોડનારો તંતુ બની જાય છે, ભક્ત-ભગવાનનો થઈ જાય છે.

મીરાંની જેમ 'મા' અનુભવે છે કે, જગતમાં ફક્ત એક જ સંબંધ રચાઈ શકે છે અને તે પરમાત્મા સાથેનો છે. એટલે સંસાર વિમુખ થયાં ને પ્રભુસન્મુખ થયાં તો આનંદ જ આનંદ છે. બાકી, દુન્યવી સંબંધો સુખદુઃખના દ્વન્દ્વોથી ભરચક છે.

જગત તો તમે સ્વીકારો તેવું બની જાય છે. તમે જો પ્રેમપૂર્ણ હો તો પ્રેમનો પ્રતિધ્વનિ ઊઠે જ છે, 'મા' ચહુ દિશથી આવતા વિવિધ ભાવિકોના પ્રેમાનુભવથી સતત ભીંજાવામાં પ્રભુનો પરમ અનુગ્રહ પ્રમાણે છે.

પરમાત્માનો સર્વાંગીણ રૂપથી સ્વીકાર કરી લીધા પછી જગતમાં કશું નુકસાનકર્તા નથી થઈ શકતું. મીરાં ઝેરને અમૃત માની પી શક્યાં, સર્પમાં શાલિગ્રામ ! 'મા'ને પણ દુન્યવી સંઘર્ષો, પ્રતિકૂળ પરિસ્થિતિઓ કદી ડારી શકી નથી. 'મા'ને મીરાંની જેમ વિશ્વાસ છે કે, પોતાને માત્ર પોકાર જ કરવાનો છે.



એ હજાર હાથથી, બધી દિશાએથી ઊઠાવી લેશે.

'મા'ના જગતમાં અહંકારને કોઈ સ્થાન નથી, સંકલ્પની કોઈ જગ્યા નથી. કેવળ સમર્પણ, ફક્ત સમર્પણ, માત્ર સમર્પણ ! મીરાંની જેમ ધૂન છે પોતાના 'અસલી મુકામે' જવાની. 'મૈં તો ગિરધર કે ઘર જાઉં'નો મક્કમ નિર્ધાર છે અને એને માટે તીવ્ર તત્પરતા છે.

'જહાં બૈઠાવે તિત હી બૈઠું, બેચે તો બિક જાઉં
મીરાં કે પ્રભુ ગિરધર નાગર, બાર બાર બલિ જાઉં.'

પરમાત્માને પામવો છે મટીને આ સાફ દર્શન. આંખ પર કોઈ શાસ્ત્ર, સિદ્ધાંત, મંદિર, પંડિત-પુરોહિતનાં ચશ્માં નથી. જ્યાં જુએ-સાંભળે ત્યાં તે જ છે, તેના સિવાય કંઈ છે જ નહીં. 'મા' સ્લેટ પર લખે તો પ્રભુનું નામ, ન લખે તો હૃદયમાં પ્રભુનું નામ ! ભીતર અનાહત નાદ. સતત જ્યાં જુઓ ત્યાં તે જ !

મીરાંની જેમ 'મા'ના જીવનમાંથી 'નર્યું સત્ત્વ' વહ્યું છે. ભીતરનો સ્વર જાગી ગયો છે, શબ્દાર્થ ગૌણ બની ગયા છે, બહાર રહી ગયા છે. પોતાની યોગ્યતા માત્ર પ્રભુગુણ ગાવાની ! એના ગુણ ગાતાં-ગાતાં જાત ભૂંસાતી ગઈ. આ મસ્તી મૌનમાં પરિણમી.

ગુણ પ્રભુના, દોષો પોતાના ! આવી સહજ નિરહંકારિતા 'મા'ની જોઈ 'સહજ મિલે અવિનાશી.'

મીરાંની જેમ 'મા'એ પણ 'હું'પણાના તમામ દરવાજા-દ્વાર હટાવી દીધાં છે. અહમ્‌નો અવરોધ દૂર થતાં જ પ્રભુમિલન ! પ્રભુથી દૂર રહેવું અસહજ, પાસે રહેવું સહજ-સ્વાભાવિક જેમ મીરાં માટે તેમ 'મા' માટે !

'જિનકા પિયા પરદેશ બસત હૈં લિખ લિખ ભેજૈ પાતી

મેરે પિયા મેરે હિય બસે હૈ, ન કહુઁ આતી ન જાતી.'

મીરાં તેમજ 'મા'નો પ્રબળ પ્રભુપ્રેમ આપણને કહી રહ્યો છે : 'પોકાર પૂર્ણ હોય, પ્રાર્થના સમગ્રભાવે હોય તો પરમાત્મા સ્વયં આવે છે.' એ તમને ખોજી રહ્યો હોય છે. તમારી પ્યાસ-પ્રતીક્ષા-આરતમાં તમારું કણ-કણ સળગી જશે એ 'સર્વસમર્પિત જ્યોતમાં (All consuming Flame) પરમાત્માપ્રાપ્તિની જ્યોત ઝળહળશે જ.'

મીરાંના હાથમાં 'શ્રીકૃષ્ણની મૂર્તિ' આવી કેમકે એના હૃદયમાં એને માટે એવો પ્રેમ પ્રગટ્યો, એ પ્રેમ એટલો તો પ્રબળ બન્યો કે એ એની 'આજીવન હૃદયમૂરત' બની અને છેવટે એની સાથે એવું અ-મર સાયુજ્ય રચાયું કે મીરાં પોતે કૃષ્ણમય ચેતના, સ્વયં કૃષ્ણ બની ગઈ !

'મા' સર્વેશ્વરીના જીવનમાં શ્રી યોગેશ્વરજી પ્રવેશ્યા 'પ્રવચનસ્વરૂપે,' એમનાં વચનામૃતનું પાન કરતાં-કરતાં, એમના ઉચ્ચરિત શબ્દો સાથે એમનો ચૈતન્યનાતો એવો સધાયો કે એ 'આત્મપ્રતિષ્ઠ' થયા 'સદ્‌ગુરુસ્વરૂપે' ! ને ક્રમશઃ 'શિવસદશ' બની, 'ગોપાલરૂપે' હૃદયમાં કાયમ અધિષ્ઠિત થઈ ગયા.

એ પરમ ચેતના સાથેનું પ્રત્યેક ક્ષણનું સૂક્ષ્મ સાયુજ્ય 'મા'ને સતત ઓગાળતું-દ્રવીભૂત કરતું રહ્યું છે. એમાં આત્મા-પરમાત્માના સતતવાહી પ્રેમનું નીરવ ગાન અનવરત સંભળાય છે.

મીરાંની જેમ 'મા' સર્વેશ્વરી પ્રેમ છે. એમાં રેખાબદ્ધ તર્ક નથી, હૃદયની આરપાર નીકળી જતી વીજળી છે, જે પોતાના ઘરને બાળવા તૈયાર થાય, અહંકાર નિઃશેષ કરી શકે તે જ



'મા'ના આ 'સંવેદનના સખ્ય'ની મહત્તા સમજી શકે. તેનો સંબંધ એમની ચેતના સાથે થઈ શકે ને 'પરથમ પહેલાં મસ્તક મૂકી, પછે લેવું નામ જોને'નું મૂલ્ય જે 'મા'એ ચૂકવ્યું છે, તે સમજી શકે.

રજનીશજી કહે છે : 'માનવ-ઇતિહાસમાં પ્રેમ-સમર્પણનું એક સ્વચ્છ સરોવર (જે માનસરોવર કરતાંયે અધિક સ્વચ્છ છે) એ મીરાં છે.' મીરાંની જેમ 'મા' સર્વેશ્વરીમાં પણ પ્રેમ-સમર્પણનો એવો સહજ-સીધો-સરલ આવિર્ભાવ થયો છે કે જાણે એક ઝગમગતા તારાની બાજુમાં જ જાણે બીજો ઝગમગતો તારો ! ફેર એટલો કે એકમાં અતીતનો દ્યુતિ છે, બીજામાં સાંપ્રતની !

મીરાંના ભજનમાં જેમ ઈશ્વરપ્રાપ્તિનું ઐશ્વર્ય મલકે છે તેમ 'મા' સર્વેશ્વરીના પ્રત્યેક જીવનઅંશમાં છલકે છે, કંઈક આ રીતે :

'પાયોજી, મૈંને રામરતનધન પાયો.'

'મીરાં જૂનાં અને મા નવાં.' એમ નહીં કહી શકાય કારણ કે પ્રેમમાં પ્રાચીન-અર્વાચીન નહીં, સનાતન હોય. એવો કોઈ સમય ન હતો કે જ્યારે પ્રેમ હતો ને મીરાં નહોતી. એવો કોઈ સમય નહીં હોય જ્યારે મીરાં હોય ને પ્રેમ ન હોય. હા, રૂપ-રંગ-શૈલી બદલાયાં છે, સમય-સ્થળ-નામ બદલાયાં છે. પણ અસ્તિત્વ શાશ્વત છે. જે શાશ્વત છે તે જ સત્ય છે.

❋ શ્રી રામકૃષ્ણે એટલે જ કહેલું; 'હું તો કેવળ વસ્ત્ર બદલી રહ્યો છું.'

❋ શ્રી રમણે કહ્યું : 'હું તો અહીં જ છું.'

❋ શ્રી યોગેશ્વરે કહ્યું : 'બહારનાં રૂપરંગ ફરે પણ અંદરનું સત્ત્વ તો ટકે.'

❈ મીરાં વૃંદાવનમાં શ્રીકૃષ્ણ સાથે ગોપીરૂપે હતી, મેવાડમાં રાજરાણી હતી. ગુજરાતમાં 'મા' સર્વેશ્વરીરૂપે વિહરે છે.

મીરાં દ્વારિકામાં કૃષ્ણની મૂર્તિમાં સાયુજ્યમુક્તિ પામ્યાં એમ 'જનશ્રુતિ'માં કહેવાયું. જીવનકાર્ય પૂરું થતાં અજ્ઞાતવાસમાં પ્રવેશ્યા હોવાનું 'ઇતિહાસ' કહે છે. 'મા' વર્ષોથી પ્રાર્થના કરે છે : 'દર્શન દઈ, સમાવી લો.'

મીરાંએ પોતાનો ભૂતકાળ ભૂંસ્યો. પોતાનું દેખીતું અસ્તિત્વ લોપ્યું પણ સિદ્ધ કરીને રહી કે; 'સ્થળ-કાળની સીમાઓમાં સમાવી શકાય નહીં, ધર્મ અને સમાજના બંધનમાં બાંધી શકાય નહીં એવા 'મુક્ત-માનવહૃદય'નું નામ છે મીરાં.'

'મા' સર્વેશ્વરી કર્પૂરવન, વ્યારા, સુરત, અમદાવાદની ભૌગોલિક સરહદોને પાર કરી આજે 'અનિકેત' બની ગયાં છે. પોતાની અતિ સફળ કારકિર્દી, માતાપિતા, ભાઈબહેનોના અખૂટ સ્નેહરાશિ તમજ સર્વ સામાજિક સંબંધો પરહરીને 'કેવળ પ્રભુમય' જીવન જીવી રહ્યાં છે. ભક્તિમય-સાધનામય જીવન જીવવા ઇચ્છતા જનસમાજની મધ્યે 'આચારસિદ્ધ અધ્યાત્મ'નો ઉજાસ પાથરી રહ્યાં છે. કરોડો જપ, ધ્યાન, નિર્જળા વ્રત, રોજના નિયત દંડવત્ પ્રણામ, પાઠો-પારાયણો-પ્રાર્થના તેમજ યોગાસનોમાં રત રહી પોતાની સાધનાની જ્યોતને ઝળહળ રાખતાં 'મા' અહમ્‌રહિતતાનું એક આકાશ વિસ્તારી રહ્યાં છે.

મીરાંને હરિનાં ચરણ-ચરણરજનો અપાર મહિમા હતો. 'ચરણકમલ બલિહારી, મૈં તો હરિચરનકી ચેરી' જેવાં પદો પણ રચે છે. 'મા' સર્વેશ્વરી પણ સ્પષ્ટ કહે છે : 'મા રહે છે 'પૂજ્યશ્રી યોગેશ્વરપ્રભુનાં' શ્રીચરણતળિયે રજરૂપે.' મીરાંની



જેમ 'મા' પણ 'દરદદીવાની' ને 'પ્રેમદીવાની' છે એટલે જ મીરાં કહે છે તેમ : 'ઘડી ચૈન નહીં આવૈ તુમ દરસણ બિન મોહે'

કવિશ્રી રમેશ પારેખ કહે છે તેમ;

**'મીરાં'માંથી 'ઈ' ઊડે તો 'મરાં'**

—અર્થાત્ મીરાંમાંથી ઈશ્વરને બાદ કરી દો તો કશું બચે જ નહીં. એમ 'મા' સર્વેશ્વરી પણ શ્રી યોગેશ્વરજીમાં એટલાં ઓતપ્રોત ને એકરૂપ છે કે એમના વિના 'મા' અધૂરાં-અપૂર્ણ !

મીરાં ગાય છે : 'ઓઢું હું કાળો કામળો દૂજો રંગ ન લાગે કોય' જ્યારે 'મા' સદાનાં 'શ્વેતવસ્ત્રધારિણી' છે. શ્વેત રંગમાં બધા જ રંગો સંમિલિત રહે. પણ બંનેનો મર્મ તો એક જ ! મીરાં કહે : 'એક જ રંગ રહેવા પામે, બીજા રંગનો પાસ એના પર ન લાગે.' 'મા' કહે : 'જ્યાં બધું એકરંગ છે, ત્યાં અન્ય રંગ હોવાની સંભાવના જ નથી.'

મીરાંનો સ્થાયી ભાવ 'મેરે તો ગિરધર ગોપાલ' છે તો 'મા'નો સ્થાયી ભાવ 'મૈં ગિરિધર ગોપાલકી (અર્થાત્ 'પોતે યોગેશ્વરની યોગેશ્વરી' એ છે.) એકમાં સ્વામિનીનું ગૌરવ છે તો અન્યમાં સેવિકાની ગરિમા ! ઉભયનો આશય તો 'સ્વામી'ને જ 'પ્રતિષ્ઠિત-ગૌરવાન્વિત' કરવાનો !

આમ, 'મા' અને 'મીરાં' જીવંત ભક્તિના બે ઝળહળ અક્ષરો છે. આંતરિક મુક્તિ અને સંપૂર્ણ સ્વાધીનતાના બે પર્યાયો છે. 'પ્રભુપ્રેમ' જ બંનેનું હોવું છે, એમનું 'very being' છે.

## ॥ શ્રી યોગેશ્વર કથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૫૯**

**તા. ૧૪-૧-૮૩, શુક્રવાર, માગશર વદ અમાસ ૨૦૩૯**

**જોહાનિસબર્ગ-લેનેશિયા**

આજે સવારે એ જ નિયમિત ક્રમ રહ્યો. બે દિવસથી રાત્રે ૧૨ વાગ્યે સૂવાનું બને છે. પ્રવચન બાદ ઘણી લાંબી મુસાફરી હોય છે, છતાં પૂ.શ્રી નિયમિત ૩-૩૦ વાગ્યે મળસ્કે સ્નાન કરી લે છે. વ્યાયામ, મંત્રજપ, લેખન બધું જ નિયમિત.

આજે ભોજનમાં ખીચડી લીધી. ખીચડી ખાતાં ખાતાં પૂ.શ્રીએ કહ્યું કે, આપણે હાથે રસોઈ બનાવીએ તેમાં કેટલો બધો આનંદ ને મીઠાશ હોય છે! આજે પણ એમાં મીઠાશ છે. બધે જ આપણે હાથે જ ભોજન બનાવવું જોઈએ. બ્રાહ્મણ હોય ત્યાં પણ આપણે જ રસોઈ બનાવીએ તો ચાલે કે નહીં?

ભોજન બાદ મુલાકાત સમયે બેઠકખંડમાં ગયાં. ઘરનાં સૌ સ્ત્રીપુરુષો ફૂલ આપીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. આજે તો અધ્યાત્મની જ વાતો થાય છે. જાહેર મુલાકાત ના હોવા છતાં એક અંગ્રેજભાઈ પૂ.શ્રીને મળવા આવે છે. પૂ.શ્રી સાથે તે પ્રશ્નોત્તરી કરીને વિદાય લે છે.

બપોરે આરામ કર્યો. સાંજે વરસાદ શરૂ થયો. ધોધમાર વરસાદમાં અહીંથી એક કલાકના માર્ગે સ્પ્રિંગ નામના



શહેરમાં જવાનું બન્યું. ત્યાં નહેરુ હૉલમાં છેક સાડા આઠે પ્રવચન શરૂ થયું. આજના પ્રવચનનો મુખ્ય સાર પ્રભુને અર્પણ કરવાની રીતની સમજૂતી હતી.

પ્રવચન બાદ ફરીથી એક કલાકની મુસાફરી કરીને વરસતા વરસાદમાં રાતે સાડા અગિયારે ઉતારે આવી ગયાં. અગિયારે આવીને દૂધ પીધું. પૂ.શ્રીએ આરામ કર્યો.

પછી અધ્યાત્મ-ચિંતનની નોંધનું કાર્ય પૂર્ણ કરી એક વાગ્યે મેં પણ આરામ કર્યો.

હરિઃ ૐ

—'મા' સર્વેશ્વરી

'મારું કોઈ મકાન નથી. મારું કોઈ નિશાન નથી. હું શરીર નથી, હું પ્રાણ નથી. જે પ્રાણોનો પ્રાણ છે એ મારો પ્રીતમ છે, જેનાથી મારું અસ્તિત્વ છે. જ્યારે મેં મારામાંથી દ્વૈતને દૂર કર્યું તો બન્ને લોકો એક જ દેખાયા. હવે હું એકને જ જોઉં છું, એક જ કહું છું. એકને જ ઓળખું છું અને એકનું જ સ્મરણ કરું છું. હું જ શરૂઆત છું. હું જ અંત છું. હું જ પ્રગટ છું. હું જ ગુપ્ત છું. હું જે મારી અંદર છે એ સિવાય કોઈને નથી જાણતો. હું એટલે ઈશ્વર. હિંદુ શાસ્ત્રો જેને ૐ કહે છે.'

—સૂફી સંત શમ્સ તબરેજ

## ॥ 'મા' સર્વેશ્વરીની જીવનઝરમર ॥

દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના વ્યારા પાસેના એક નાનકડા ગામ કર્પૂરવનમાં જન્મેલી એક સાધારણ બાલિકા સરોજ આજે અંબાજીના 'સ્વર્ગારોહણ'માં 'મા' સર્વેશ્વરીરૂપે અધિષ્ઠિત છે. દેશવિદેશના હજારો ભાવિકોના હૃદયમાં તેઓશ્રી 'મા પ્રભુ' તરીકે બિરાજે છે. આ હકીકત ગૂઢ કે રહસ્યમય નથી કે નથી કોઈ ચમત્કારલીલા. પણ એક મનુષ્યદેહ પોતાની દીર્ઘ તપશ્ચર્યા અને કઠિન સાધનાબળે દેહ અને મનથી પરે રહેવાની શક્તિ સિદ્ધ કરી શકે તો એ પોતાનામાં રહેલી દિવ્યતા પ્રગટાવી શકે છે અને સૃષ્ટિના સર્વ અંશોમાં રહેતી દિવ્યતાને ઢંઢોળી શકે છે. એની પ્રતીતિ 'મા' સર્વેશ્વરી એમના સંપર્કમાં આવનારને સાંપ્રતમાં કરાવી રહ્યાં છે.

'મા' સર્વેશ્વરીના સાધારણ જણાતા જીવનમાંથી એમની અસાધારણતાનું અદ્‌ભુત ઐશ્વર્ય ઊઠે છે. એમના 'જીવનની ક્ષુલ્લક દેખાતી ઘટનાઓમાંથી એમના મહિમાનું અમૃતગાન' ઊઠે છે. એ દૃષ્ટિએ એમની જીવનઝરમર નિહાળવી રસપ્રદ થઈ રહે એવા હેતુથી 'બાલિકા સરોજમાંથી રૂપાંતરિત 'મા' સર્વેશ્વરીની છબી' આલેખવાના પ્રયાસરૂપે આ અંકની સમગ્ર રૂપરેખા આકારાઈ છે.

'મા'ને જે સત્ય સમજાયું તે જીવ્યાં-જીવી રહ્યાં છે. જેમ ફૂલ સુગંધ પ્રસારે એમ સંદેશ-ઉપદેશ-અધ્યાત્મ એમના જીવનમાં સતત એવાં આવિર્ભૂત થતાં ગયાં કે, એમની જીવનકિતાબનું એક-એક પર્ણ એ જ સંદેશ !



## ॥ કર્પૂરવનમાં જન્મ ॥

(શગ સંકોરી શ્રીહરિએ)

દક્ષિણ ગુજરાતના સૂરત જિલ્લાના વ્યારા પાસેના એક નાનકડા ગામ કર્પૂરવનમાં ઈ.સ.૧૯૪૩ના નવેમ્બર માસમાં ૧૩મી તારીખે શ્રી કાલિદાસભાઈના ઘરમાં શ્રી ભીખીબાના અંકમાં એક દીકરીએ આંખ ઉઘાડી ત્યારે રાત્રે નવ વાગ્યા હતા. શારદા, સુશીલા, સાવિત્રી અને વિઠ્ઠલભાઈ વામનભાઈની આ નાનકડી બહેનનું નામ પિતાશ્રીએ 'સરોજ' પાડ્યું. રામકબીર ભક્ત સમાજમાં પ્રચલિત નામો કરતાં એ જુદું હતું. 'મા' સર્વેશ્વરી પોતાની શૈશવકથા 'પોયણું પાંગર્યું'માં નોંધે છે તેમ, 'જે કળી કાદવથી અળગી રહીને ખીલવા આવી છે તેનું નામ એ જ હોય ને ?'

'મા' સર્વેશ્વરીના પ્રાગટ્યદિનને વધાવતાં 'મા'ના સદ્‌ગુરુ, હિમાલયના સિદ્ધ સંત શ્રી યોગેશ્વર લખે છે તેમ; 'કર્પૂરાની કમનીય, પવિત્ર ધરતી પર એક પાવન પળે, પરમ ધન્ય ક્ષણે પ્રસન્નતાથી પુલકિત, પ્રેમપરિપ્લાવિત પાવન પદ્મ પ્રકટ્યું. એ પદ્મનો પરિમલ માનવજાત માટે મંગલમય બનવાનો હતો.'

સરોજના જન્મના તેરમા દિવસે ડબલ ન્યુમોનિયાના ભયંકર તાવથી તેનું શરીર ખેંચાઈ ગયું, કાળું પડી ગયું. આંખ મીંચાઈ ગઈ અને અંતિમ શ્વાસ લેવાઈ ગયા. સૌ ગભરાઈ ગયાં. ભીખીબા આક્રંદ કરવા લાગ્યાં. દાદીમા, જમુનામા, ડાંગર ને

જુવારની ટોપલી લાવ્યાં. સરોજને બન્ને હાથે ઊંચકી એમાં પધરાવી. 'લે આ તારી વાટખર્ચી. મૃત્યુની તારી મંગલ વાટે આ દાન.' એમ કહી, તેના મોઢા પર કટકો પણ નાંખી દીધો. સૌ શોકમગ્ન થઈ ગયાં. બાજુવાળા દૂધીમાએ ભીખીબાને આશ્વાસન આપતાં કહ્યું; 'દીકરી ગઈ તો શું રડવાનું ?' પણ આ ઘટનાના એકાદ કલાક બાદ પીપલવાડા ગયેલા પિતાજી કાલિદાસભાઈ આવ્યા. એક પળનો પણ વિલંબ કર્યા વિના, મારતે ઘોડે તેઓશ્રી વ્યારા ગયા અને ડૉ.ગમનલાલ શાહને લઈ આવ્યા.

ડૉક્ટરે આવતાંવેંત કટકો હટાવી, સારવાર શરૂ કરી દીધી. અને સૌને આશ્ચર્ય વચ્ચે સરોજે આંખ ખોલી અને પુનઃજીવન પ્રાપ્ત કરી સૌના શોકને નિર્મૂળ કરી દીધો.

'મા' સર્વેશ્વરી આગળ ઉપર આ અત્યંત વિસ્મયકારક ઘટનાના સંદર્ભમાં લખે છે :

'શું એ સરોજનું આયુષ્ય ફક્ત ૧૩ જ દિવસનું હશે ?'

કોણ મરણના મુખમાંથી પાછી લાવ્યું ?

માતાની કૂખે જન્મેલી એ બાળકીના પાર્થિવ શરીરમાં કઈ પરમ શક્તિએ પ્રવેશ કરીને પોતાનું સામ્રાજ્ય પ્રસ્થાપિત કર્યું ? શું એ નવા જીવનમાં અનેક શુભ સંકલ્પોને સાકાર કરવાની ભૂમિકા હશે ? કે પછી કોઈક સમર્થ સદ્‌ગુરુ એને પરમ શક્તિની ક્રીડાસ્થલી બનાવવા ઇચ્છતા હશે ? સાચો પ્રત્યુત્તર પરમાત્મા પાસે છે.

'મા' અત્યંત કૃતજ્ઞભાવે નોંધે છે :



'એ પરમાત્માનો પરમ ઉપકાર કે નવા જીવનનો પુણ્યપ્રદાયક પાવન પ્રસાદ પ્રાપ્ત થયો. પૃથ્વી પર પ્રવેશતાં જ પરમ કૃપાનું જાણે રક્ષાકવચ પ્રાપ્ત થયું. શ્રી હરિએ જન્મથી જ જાણે સતત કહેવાનું શરૂ કર્યું; 'હે જીવ, હું તારી સાથે જ છું.' એ જીવને પ્રગટ કરનાર માતા-પિતા તેમજ કર્પૂરાના એ કુળને જાણે એક અલૌકિક છત્ર શ્રી હરિનું પ્રાપ્ત થયું.'

આમ, પરિવારમાં સૌને માટે આશ્ચર્યનું કેન્દ્ર બની ગયેલ સરોજને પરિવારના નાનકડાં સંતાન તરીકે અદકું વહાલ પામવાનો અધિકાર પ્રાપ્ત થયો. મૃત્યુના મંગલ મંદિરનો જાણે એ પ્રસાદ બની ગઈ.

એ પ્રસાદસ્વરૂપ સરોજનું જીવન અત્યારે તો ૭૫ વર્ષ વટાવી ચૂક્યું છે, પણ એ જીવનધબકારમાં શ્રી હરિની પરમ કૃપા હર પળ અનુભવતાં 'મા' સર્વેશ્વરી પોતાના પૂર્વાશ્રમના એ સદ્‌ભાગ્યને સ્મરી-સ્મરી કૃતાર્થ થાય છે.

'જેઓ પ્રભુના લાડીલા છે. જેમની એક ક્ષણ પણ પ્રભુના સ્મરણ વગર જતી નથી, પ્રભુપ્રેમ-પ્રભુભક્તિ એ જ જેનું જીવન છે તે સર્વત્ર નિર્ભય છે. હરદમ પ્રભુના નામનું સંકીર્તન એ જ જેનો સાચો ખોરાક છે તેને યમ પણ ડરાવી શકે તેમ નથી.'

**–શ્રીરંગ અવધૂત**

## ॥ માતા-પિતાનો અમૂલ્ય સંસ્કારવારસો ॥

(જીવીએ સ્મરી-સ્મરી શ્રીહરિ)

સરોજનું શૈશવ પ્રેમ-ક્ષમાની મૂર્તિ ભીખીબા તેમજ અધ્યાત્મપ્રેમી પિતાના શ્રીઅંકે આધ્યાત્મિક ઉઘાડ પામ્યું. 'મા' સર્વેશ્વરી નોંધે છે તેમ; 'અમારા જીવનમાં સૌથી વિશેષ પ્રભાવ જો કોઈનો હોય તો તે અમારા પિતાજી શ્રી કાલિદાસભાઈનો છે.'

રોજ સવારે પાંચ વાગ્યે ઊઠીને સરોજના પિતાશ્રી શ્લોકો લલકારતા. સરોજ પલંગમાં સૂતાં-સૂતાં તે સાંભળતી. શ્લોકો પૂરા થતાં જ પિતાજી પલંગ પાસે જઈ, સરોજને પીઠ પર ચઢાવી વાડામાં લઈ જતા. પોતાના અંકમાં બેસાડી દીકરીને શ્લોકો શીખવતા. એક શિક્ષકની એક જ વિદ્યાર્થી સાથેની શાળા જાણે સવારે જ શરૂ થઈ જતી !

શ્લોકો બોલાઈ જાય ત્યાં સુધી ચૂલાનાં લાકડાં સંકોરતાં રહેવાનું. પછી સરોજ શૌચક્રિયા માટે ઊઠે ને પતાવી આવે એટલે ટાંકીના નળે માટીથી હાથ ધોવાના ને પગ ધોવાના. સ્વચ્છતાની તાલીમ આપતા પિતાજી કહેતા : 'જો પગ કોરો રહી જાય તો કળી પ્રવેશે !'

પછી નાનકડી સરોજને કોઈક સ્નાન કરાવતું તો કોઈક ચોટલા ગૂંથી આપતું. ને પછી ગાદીએ પગે લાગી, બધાંને નમસ્તે કહી-કરી પછી જ રમવા કે દૂધ પીવા જવાનું. આ ક્રમ દરરોજનો.



ભોજનનો સમય થતાં થાળીમાં જમણી બાજુ વાટકી, પછી શાક, પછી જ રાઈતું, ચટણી, પાપડ મૂકતાં પિતાજી શીખવાડતા. પાણીનો પ્યાલો હોઠે અડાડવાનો નહીં, પાણી અધ્ધરથી જ પીવાનું. પલાંઠી વાળીને શાંતિથી, ઉતાવળ વગર પદ્ધતિસર ભોજન લેવાનું. ભોજન સમયે સબડકા ન બોલાવવા, આંગળાં ના ચાટવાં, એઠું નહીં મૂકવાનું વગેરે નિયમો ઉપરાંત ગરમ રોટલી એક પછી એક જ પીરસવાની. દાળ પણ ગરમ, થોડી-થોડી જ પીરસવાની તેથી અન્નનો બગાડ ના થાય, પિતાજી સરોજને કેટકેટલું શીખવતા !

સરોજના પિતાજી જાહેર સેવાક્ષેત્રની એક અગ્રગણ્ય વ્યક્તિ હતા એટલે ઘરમાં અવરજવર ઘણી રહેતી પણ એમનો નિયમ હતો કે, ઘરમાં કોઈ પણ આવે તો તેમને નમસ્તે કહી, પાણી આપી, પ્રેમથી બેસાડવાના. 'મા' સર્વેશ્વરી નોંધે છે તેમ, 'બાળપણથી એ ઘર વિવિધ જ્ઞાતિના, વિવિધ ક્ષેત્રના સભ્યોના 'સંમેલનતીર્થ' સમું હતું. એક નાનકડું 'અન્નક્ષેત્ર' હતું ભોજનની થાળીમાં પંક્તિભેદ કદી ન થતો. ખેતીકામમાં મદદરૂપ સર્વને પૌષ્ટિક ખોરાક મળે એવી કાળજી રખાતી.'

કર્પૂરામાં પહેલીવાર સરોજના માતાપિતા ચાર ધામની યાત્રાએ ગયેલાં એ સમયે આખું ગામ એમને વળાવવા આવેલું. તેમણે પણ ગામના પ્રત્યેક ઘરે, યાત્રાએથી આવી જગન્નાથનું પાત્ર વહેંચેલું. ઘરમાં ગંગાજળ હંમેશ રહેતું.

ચોમાસામાં શ્રી કાલિદાસભાઈ અતિ નિયમિત ભાગવત સમજાવતા. ચૈત્ર માસમાં રામાયણપારાયણ કરતા. દરરોજ

વિષ્ણુસહસ્ર સંસ્કૃતમાં મોઢે બોલતા. ફુરસદને સમયે કોઈને કોઈ ધાર્મિક ગ્રંથ, વિનોબાજી તેમજ ગાંધીજીનું સાહિત્ય વાંચતા. બાળકોને ગુજરાતી, હિંદી, સિંધી ભજનો શીખવતા. રેડિયા પર પોતે શાસ્ત્રીય સંગીત સાંભળતા. પોતાને ગમી ગયેલાં પદો રેડિયા પરથી કાગળ ઉપર ઉતારીને સંતાનોને આપતા.

ખેતીવાડીક્ષેત્રે નવા નવા પ્રયોગો કરવામાં આખા વ્યારા તાલુકામાં સરોજના પિતાજી મોખરે રહેતા. જંગલોના ગામોને ખેતીલાયક બનાવવા પૂના-મુંબઈથી ટ્રેકટર-બુલડોઝર મંગાવતા. ઘાટ, પીપલવાડા ને ખરજઈ આ ત્રણે ગામ તેમની સર્વોત્તમ ખેતીની સ્વપ્નસૃષ્ટિ હતી. મુંબઈથી ટ્રક ભરીને તેઓ ગાય-વાછરડાં ખરીદી લાવેલા. પશુધનનું પ્રેમથી જતન કરવાની તેમને ભારે હોંશ હતી.

શ્રી કાલિદાસભાઈની આવી ગુણસંપત્તિ શ્રી ગાંધીજી, સરદાર, વિનોબાજી, કનૈયાલાલ મુનશી, વિઠ્ઠલભાઈ, મોરારજી તેમજ જીવરાજ મહેતા જેવી વિભૂતિઓને પોતાને આંગણે અતિથિઓરૂપે સત્કારવા સુભાગી બનેલી.

એ જમાનામાં શ્રી કાલિદાસભાઈ આદિવાસીઓના વિકાસ માટેની સહકારી મંડળી સ્થાપવા એક લાખ રૂપિયાના જામીન થયેલા ! મઢી સહકારી જિનના પ્રમુખપદે રહ્યા પણ એક પણ પાઈ પોતાના અંગત ખર્ચ માટે ન વાપરી.

જાહેર જીવનમાં અત્યંત વ્યસ્ત હોવા છતાં બાળકોના ચારિત્ર્યઘડતર માટે તેઓ સતત સજાગ, સક્રિય રહેતા. શાળાના પ્રવાસોમાં બાળકોને અચૂક મોકલે. ભવાઈ-રામલીલાના હલકા



મનોરંજનમાં બાળકોને કદી પડવા ન દેતા. બાળકે જ્યાં પણ જવું હોય ત્યાં ઘરે કહીને જ જવાનું. અને જો કહ્યા વિના ગયા તો પિતાજી ઠપકો આપીને શિક્ષા કરે જ કરે. પિતાજીની શિક્ષણપદ્ધતિ સૂક્ષ્મ પ્રભાવક હતી. તેમણે કદી કોઈને માર નહોતો માર્યો. બાળક જીદ કરે તો સોટી બતાવે ને રાગમાં ગાય : 'સોટી સોટી આવજે, સરોજને મારજે.' પણ બાળકોને ખબર હતી કે, એ સોટી કદી વાગવાની નથી. પિતાજીના મારનો ડર કોઈને કદી ન હતો. હા, વઢશે, ઠપકો આપશે એવો ડર સૌને અવશ્ય રહેતો. પિતાજી બાળકોને તો ના મારે પણ ઘોડાગાડીના ઘોડાને પણ કદી ચાબુક ના મારતા, ભારે ધીરજથી-પ્રેમથી કામ લેતા.

શ્રી કાલિદાસભાઈ વહેમ-અંધશ્રદ્ધાના ભારે વિરોધી હતા. ઘરમાં નાના બાળકોના હાથમાં કાળો દોરો, ગળામાં માદળિયાં કે નજર ઉતારવાના નુસખા એવું કંઈ કરતાં કંઈ કદી જોવા ન મળે. બાળકોને ઓરી-અછબડા કે શીતળા થતાં તેઓ વૈદકીય સારવાર કરાવતા. કુદરતી ઉપચારો કરતા. વૈદની દવા અને પ્રાર્થનાના ઔષધમાં વિશ્વાસ રાખનાર પિતાજીના સંતાનોમાં એટલે જ ભૂતપ્રેતનો ડર કદી પ્રવેશી શક્યો નહીં.

સ્વરાજની લડતમાં તેમણે પોતાનાં બાળકોને ગાંધીજીની એક હાકલે શાળામાંથી ઉઠાડી લઈ, લડતમાં સક્રિય કરી, જેલવાસનું સદ્ભાગ્ય ધરેલું. દેશભક્તિ અને દેશદાઝ એમના રોમેરોમમાં જ્વલંત હતી.

પોતે ખાદી જ પહેરતા અને ઘરમાં સૌને પહેરાવતા. દીકરી

શારદાના લગ્નપ્રસંગે પાનેતર ખાદીનું જ બનાવડાવ્યું. સામાજિક-વ્યવહારના અવસરે ખાદીના તાકાઓ લાવી, બોર્ડર છપાવી સાડલા વહેંચેલા. તેઓ તો ઘરની કાંતેલી ખાદી જ પહેરતા. કફની, બંડી, ધોતી, ટોપી, હાથરૂમાલ, ટુવાલ બધું જ ખાદીનું. ગાંધીજયંતીના પવિત્ર પર્વે તેઓ ઉપવાસ કરતા.

અસ્પૃશ્યતાનું કલંક દૂર કરવા કાલિદાસભાઈ મથ્યા. કર્પૂરા ગામનો સાર્વજનિક કૂવો પોતાના ફળિયામાં હતો. એ કૂવા પર હરિજનોને ચઢાવી પાણી ભરાવ્યું અને પોતાના ઘરમાં ગામલોકોના વિરોધ વચ્ચે પ્રવેશ પણ કરાવ્યો.

બાળલગ્નના વિરોધી કાલિદાસભાઈ ભક્ત સમાજના પરિવારમાં થતું બાળલગ્ન અટકાવવા કર્પૂરાથી કાળા વાવટા ફરકાવી અંભેટી ગામ ગયા હતા. ભીખીબાના પિતરાઈ ભાઈના ઘરે બાળલગ્ન હતું તેમાં પોતે તો ન જ ગયા પણ ભીખીબાને પણ ન જવા દીધાં. દિવસો સુધી તેમને કટાક્ષવચનો સાંભળવા પડ્યા. પણ પોતાના સિદ્ધાંત સામે વ્યવહારના કોઈ ગણિતને તેમણે ફાવવા ન દીધું.

દેશની ચૂંટણીઓમાં પ્રામાણિક મતદાનના આગ્રહી કાલિદાસભાઈ પોતાના સંતાનોને મતાધિકાર માટે જાગ્રત રાખતા. પોતે કોઈ પદ માટે કદી ન ઊભા રહ્યા પણ દેશને સારો નેતા મળે તે માટે એટલા સક્રિય રહેતા કે, ચૂંટણીના દિવસોમાં એમને ઘરે જ સૌ પ્રચારકો, કાર્યકર્તાઓ અને વ્યવસ્થાપકો ધામા નાંખતા અને તેઓ રોટલો-ઓટલો પ્રેમપૂર્વક પૂરો પાડતા; એમાં એકત્વ-બંધુત્વનો ભાવ મહેંકતો.



આમ, બાળકી સરોજના મન-અંતરમાં વાત્સલ્યમૂર્તિ પિતાશ્રી કાદિલાસભાઈના બહુઆયામી વ્યક્તિત્વનો, તેમની અદ્‌ભુત દેશદાઝનો, ગાંધીવાદી આદર્શોનો, ઉદાત્ત જીવનમૂલ્યો તેમજ સર્વ સાથે સમાન પ્રેમવ્યવહાર ઉમદા માનવ્ય તેમજ સહજ સૂક્ષ્મ પ્રભુપ્રીતિનો અભિષેક એવો અનવરત-સતત થતો રહ્યો કે, તેઓશ્રી સ્નેહછત્ર ધરનારા જનક જ નહીં, સરોજના આત્મવિકાસના ‘guiding spirit’ ‘સાચા પ્રહરી’ બની રહ્યા.

માતૃશ્રી વિશે ‘મા’ સર્વેશ્વરી કહે છે :‘પિતાજીના દરેક સત્કર્મ-સેવાકાર્યમાં સમજપૂર્વક મૌન રહીને સહયોગ ધરનારાં ભીખીબા સાચા અર્થમાં સહધર્મચારિણી હતાં.’

શ્રી કાલિદાસભાઈનાં બહેન સ્વર્ગવાસી થઈ જતાં તેમનાં ત્રણે સંતાનોને પોતાનાં માની મોટાં કરવાનું જે યજ્ઞકાર્ય ભીખીબાએ કર્યું, તે એમના જન્મને સફળ-સાર્થક કરનારું હતું.

ઘરની વાડીનાં કેળાં-કેરી-ચીકુ ગાડાં ભરીને આવતાં તેને ગોઠવી-પકવી, વહેંચવાનું કામ તેઓ અત્યંત કુશળતાથી કરતાં. સતત કાર્યરત રહેવા છતાં સમય કાઢી તેઓ રેંટિયો ચલાવી, સૂતરની આંટીઓ તૈયાર કરતા. ભરતગૂંથણ કરતાં. મધુર કંઠે પ્રભાતિયાં ગાતાં. ભક્ત સમાજમાં લગ્નપ્રસંગે પદો ગાતાં. વાડનાં ફૂલછોડનું જાતે જ જતન કરતાં. વિવિધ સુંદર સુગંધી ફૂલોથી દેવસ્થાન તેમજ ઘર સજાવતા. તેમને આંગણે આવેલ અતિથિ કદી પાછો એમ ને એમ જતો નહીં; કર્પૂરાનું ઘર ‘સૌને પરિતૃપ્તિ પમાડતી પરબડી’ તરીકે ઓળખાતું એ ભીખીબાના પ્રતાપે !

ગામના દારૂના પીઠામાં જતા માણસોને રોકવાનું કાર્ય કરી સ્વરાજની લડતમાં પોતાનો નાનકડો ફાળો નોંધાવનાર ભીખીબામાં હિંમત પણ ઘણી હતી. એકવાર ઓરણામાં કોઈ સગાના મરણમાં એક વરસની દીકરી સાવિત્રીને લઈને જવાનું થયું. બીજે દિવસે વ્યારાથી કર્પૂરા ચાલતાં આવતાં રસ્તામાં મીંઢોળા નદીમાં પૂર આવેલું તે તુંબડાને સહારે પાર કર્યું ! બંને પગે વા હોવા છતાં દુઃખાવાની ફરિયાદ કદી ન કરતાં.

ક્ષમા તો ભીખીબાની અદ્ભુત ! એક ઉનાળાની ભરબપોરે વાડામાંથી ઘરમાં આવતા ધીરુભાઈને (ભાણેજને) નાનકડી સુશીલાના રડવાનો અવાજ સંભળાયો. તેને છાની રાખવા હાથમાં લીધી. પણ તેનું રડવાનું બંધ ન થયું. તેથી તપેલાના પાણીમાં એને ઠંડક થશે એમ માની ગરમ પાણીના તપેલામાં એને ઝબકોળી તો એની રડવાની ચીસ તીવ્ર બની. પાણી ઠંડું લાગવાથી ચીસ પાડી હશે એમ માની ફરી ઝબકોળી, સખત તાપમાં ગરમ પાણીની વરાળ તેમને દેખાયેલી નહીં. ફરી ચીસ એની ઉગ્ર બની, ત્યાં દાદર ઊતરી ભીખીબા આવ્યાં. ભીખીબાએ સુશીલાને ઊંચકી લીધી. એનું અર્ધું શરીર દાઝી ગયેલું. એક પણ શબ્દ ઉચ્ચાર્યા વિના આગળને હીંચકે ભીખીબા પાતળા ખાદીના કટકામાં દીકરીને વીંટીને બેસી ગયાં ને સતત હીંચકા નાંખતાં તેને અગનવેદનાને શાંત કરવા લાગ્યાં.

વર્ષો પછી પણ શ્રી ધીરુભાઈ એ પ્રસંગને, મામીના હેતને, મૌન ક્ષમાના સંદેશને વંદના કરી રહે છે. 'મા' સર્વેશ્વરી નોંધે છે



તેમ, 'ક્ષમાના સદ્‌ગુણને કેટલી હદ સુધી વિકસાવી શકાય તેનું સર્વોત્તમ સ્વર્ગીય દર્શન ભીખીબાએ કરાવ્યું.'

આમ, પ્રેમ, ધીરજ, સહનશીલતા, વ્યવહારકુશળતા, અનોખી કલાદૃષ્ટિ, વ્યવસ્થાશક્તિ અને સૌથી વિશેષ તો અદ્ભુત ક્ષમાના સદ્‌ગુણને લીધે ભીખીબા સરોજના ચિત્તમાં અનન્ય નારીગરિમાનું જીવંત દૃષ્ટાંત બની કાયમ માટે છવાઈ ગયા. આજે 'મા' સર્વેશ્વરીની એક આંખમાં પ્રેમ અને બીજી આંખમાં ક્ષમા સતત રહે છે, એનું રહસ્ય આ ગંગોત્રીમાં જોઈ શકાય.

'મા' સર્વેશ્વરી પોતાના સમગ્ર પરિવાર અને સ્નેહાળ સ્વજનોને કૃતજ્ઞભાવે સ્મરે છે, લખે છે :

'મારગ હરિનો લીધો છતાંયે વહાલ વિશેષ વરસાવતાં<br>
સર્વેશ્વરીની ચિંતા કરીને થાક ને તાપ ઉતારતાં<br>
જાણે હરિ વૈકુંઠથી આ સ્વજનોને ઉતારતા<br>
કાલીમંદિરનાં નાનાં કે મોટાં નવાં સૌ સન્માનતા.'

'ઋણાનુબંધના કારણે આપણો મેળાપ થાય છે. એકમેકને ચાહીએ, પરસ્પર સેવા કરીએ અને સુખી થઈએ. જીવનના સર્વોચ્ચ લક્ષ્યની પ્રાપ્તિ કરનાર જ અમર બની રહે છે, એ જ સુખી ગણાય. બીજા બધા તો ફક્ત હયાતી ધરાવે છે અને શ્વાસ લે છે.'

—શ્રી સાંઈબાબા

## ॥ શૈશવનાં સંસ્મરણો ॥

(સુણાય હરિપદરવ ઝીણા ઝીણા)

સરોજનું નિર્દોષ, નિર્ફિકર, માતા-પિતાના અખૂટ સ્નેહથી સુરક્ષિત શૈશવ જોતાં લાગે છે કે, એ કોરા વાસ્તવનું દસ્તાવેજી ચિત્ર નથી, પણ ભાવ-ધબકાર, હરિશ્રદ્ધા-રણકાર ઝીલતું જીવંત રસમય રૂપ છે. એક એક પ્રસંગ સરોજના આંતરચૈતન્યથી જાણે રણઝણતો અનુભવાય છે.

સરોજના પિતાજી વિચારોમાં અદ્યતન હતા અને એટલે જ આખા ગામમાં રેડિયો સૌથી પહેલવહેલો તેમને ઘરે આવેલો. શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો અચૂક પિતાજી સાંભળતા-સંભળાવતા. સાંજે સવા સાતથી સાડા સાત સુધી પ્રસારિત થતા પ્રાદેશિક સમાચાર પિતાજી નિયમિત સાંભળતા. તે પછી ઘરમાં સૌ સમૂહપ્રાર્થનામાં બેસતા. પ્રાર્થનામાં આશ્રમભજનાવલિના શ્લોકો પછી ભગવદ્‌ગીતાનો બીજો અધ્યાય અને પછી નરસિંહ, મીરાં કે સુરદાસનાં કોઈ પદો, પછી ૐ તત્ સત્-જય જગદીશ હરે-રઘુપતિ રાઘવની ધૂન. ત્યારબાદ સિયાવર રામચંદ્ર કી જય, પવનસુત હનુમાનકી જય, બોલો સબ સંતનકી જય બોલાય. પછી બાળકોએ ઊભાં થઈ ગાદીએ પ્રણામ કરી, પિતાજી બા, ભાઈ-ભાભી સૌને પગે લાગવાનું. પછી પિતાજી શ્રી રામચરિતમાનસ વાંચવા બેસે. બાજુમાં બેઠેલી સરોજની આંગળી ગ્રંથની ચોપાઈના એક એક અક્ષર ઉપર ફેરવાવે, ગાય, સમજાવે અને ગાતાં શીખવાડે, આ ક્રમ અતિ નિયમિત રહેતો.

અને પછી સીધા પથારીમાં ! દિવસે કે રાતે ફળિયામાં કે



ઓટલે કોઈને મળવાનું કે વાતો કરવાની એવો કોઈ ક્રમ કે રિવાજ સરોજના ઘરમાં ન હતો.

દિવસે સમય મળે તો પિતાજીની વિશાળ લાઈબ્રેરીમાંથી કંઈક ને કંઈક વાંચતાં શીખવવામાં આવતું.

પિતાજીએ આણેલી ભગવાન શ્રી રામની ચિત્રવાર્તા વારંવાર વાંચવાનું બનતું. હનુમાનના પરાક્રમોનું પુસ્તક પણ ખૂબ ગમતું.

પ્રાર્થનાના પવિત્ર સંસ્કારો સરોજના શૈશવની અવિસ્મરણીય સંસ્મરણમૂડી બની ગયા છે, એ વિશે 'મા' સર્વેશ્વરી લખે છે : 'પ્રાર્થનાનો પાલવ પકડીને પગલાં પાડનાર બાળ પરમ ભાગ્યશાળી છે. પરમાત્માની એ પસંદગી પામેલો બાળ હશે. પરમ શાંતિ ને પરમ આનંદનો એ પ્રતિનિધિ બનીને સૌને પરમ પ્રદેશ પ્રતિ પ્રયાણ કરાવનારો હશે.'

પોતાના ઘરની બાજુમાં આયોજિત એક ગરબામાં સરોજને ભારતમાતા બનાવી, વાળ છૂટા રાખી, હાથ ઊંચો કરીને ગરબાની વચ્ચોવચ્ચ મૂકેલા ટેબલ પર બેસાડવામાં આવેલી ને સૌએ ફરતે ગરબા ગાયેલા. coming events cast their shadows before !

નાનકડી સરોજ હંમેશાં પોતાની મસ્તીમાં જ રહેતી. એની ધૂન એવી વિચિત્ર કે, શિયાળાની ભારે ઠંડીમાં એ પેટીકોટ ને ચડ્ડી પહેરીને ફરતી તો ઉનાળાના ભયંકર તાપમાં ઊનની ગરમ બંડી પહેરી આંટા મારતી ! 'મા' સર્વેશ્વરી લખે છે તેમ, 'એ દેહથી ઉપર ઊઠવાની રમત હતી કે શું ?'

છ-સાત વર્ષની સરોજ જિદ્દી પણ ઘણી હતી. લીધેલી વાત કોઈ રીતે મૂકે નહીં. ઘરનાં સૌ કંટાળી, થાકી, પ્રસાદી આપે તો મોટેથી રડવાનું શરૂ કરી દેતી. ઘણીવાર તો બહાર બાંકડા પર બેસીને રાગડા તાણી રડતી. કોઈ ગમે તેટલું મનાવે પણ ના તે જમવા ઊઠતી ન સૂવા ઘરમાં આવે. પણ અંધારું થતાં, ગભરાઈ ધીરે રહીને ઘરમાં જઈને સૂઈ જતી. તો ક્યારેક રડતાં-રડતાં જ બાંકડે ઊંઘી જતી. છેવટે ઘરનું કોઈ ને કોઈ ઊંચકીને તેને અંદર લઈ જતું. જીદ અને રુદન તેના જાણે સંગાથી હતાં. 'મા' સર્વેશ્વરી લખે છે : 'સંસાર ને સ્વજનોથી રિસાઈ રડવાનો જાણે એક માત્ર ઉપાય હતો. કદાચ સૌથી અળગા રહીને, મુક્ત બનીને સ્વતંત્ર જીવવાનો એ અભિનય હતો કે તાલીમ? બાળપણના એ સ્વભાવ પાછળનાં ગૂઢ રહસ્યો તો શ્રી હરિ વિના કોણ ઉકેલવા સમર્થ છે?'

સરોજ ઘરમાં સૌથી નાની એટલે ઘરમાં ને ફળિયામાં સૌ એને વહાલથી 'બચલી' કહેતા. પણ સરોજના પિતાજી શિષ્ટાચાર અને શુદ્ધ ઉચ્ચારના આગ્રહી હોવાથી સરોજને શીખવ્યું કે, 'તને કોઈ બચલી કહે તો જવાબ જ ન આપવો.' કહી દેવું 'મારું નામ તો સરોજ છે.' નામ પ્રત્યે કાલિદાસભાઈની એવી સન્માનની ભાવના હતી. પણ આજે આપણે કહી શકીએ કે, 'મોટાભાગની વ્યક્તિઓનાં નામો કેવળ તેમને સંબોધવા માટે હોય છે પણ સરોજનું નામ તો તેનો પરિચય હતું.' એટલે એને અન્યથા પોકારવામાં એના સ્વ-રૂપની અવજ્ઞા થાય એમ હતું.

સરોજને ઘી અનહદ ભાવતું, ન ભાવતી વાનગી પૂરી કરવાની હોય તો ઘીની સીધી ધાર એના પર કરી તે પેટમાં



પધરાવતી. કઢી, દાળ, પુરી, ઢોકળાં, પાતરાં, મુઠિયાં, રોટલા-રોટલી, ભાખરી સર્વ પર એ ઘીનું સામ્રાજ્ય પાથરતી. 'મા' સર્વેશ્વરી લખે છે : 'ઘી પ્રિય હતું. જાણે સર્વત્ર અંદરના તંત્રને શુદ્ધ કરતું હતું. સરોજની કાયામાં વસતા શ્રી જઠરાગ્નિને-શ્રી વૈશ્વાનલ પ્રભુને પણ ઘીની આહુતિ ધરી-ધરીને પરમ તૃપ્તિ સદાકાજ ધરી દીધી હોય એવું આજે લાગે છે.'

બાળકોને બોર-આમલી-ગોરસઆમલી-કરમદાંની શોધ કરવાની સહજ ટેવ હોય. એમાં જબરા ફાવે, નબળા રડે. સરોજને એમાં ન ફાવવા દઈને શ્રી હરિએ એને દોષમુક્ત રાખી.

સરોજ આંબા-પીપળી-દીકરીની રમત તેમજ દોરડાકૂદ કરતી. એને ઝગમગમાં આવતાં જીવરામ જોષીના લેખો તેમજ અડુકિયા-દડુકિયાની વાતો બહુ ગમતી.

એક સાંજે ઘરનું પશુધન જાળવતા અમથાલાલ ગોવાળિયા માંદા થઈ વૃક્ષ નીચે સૂતા હતા. એમને લેવા જતાં ગાડામાં સરોજ પણ સેવક સાથે ગઈ ત્યાં જઈ અમથાલાલને તરત પાણી પાયું ને પછી ઘરે લાવી સૂવડાવ્યા. પણ પેટની ગંભીર વ્યાધિમાંથી એ બહાર ન આવી શક્યા. એમનાં નેત્રો કાયમ માટે બિડાઈ ગયાં. નાનકડી સરોજને એમને પાણી પાયાનો, ઘરે લાવ્યાનો ઘણો સંતોષ હતો. બાળકી સરોજના માનસપટ પર એ પ્રસંગ શિલાલેખની જેમ જડાઈ ગયો છે. કદાચ બાળપણમાં ઝરેલું કરુણાનું એ નિર્ઝર જ આજે મહાઅર્ણવરૂપે જગતભરમાં જાણે રેલાઈ રહ્યું છે.

## ॥ વ્યારામાં અભ્યાસ ॥

(શ્રી હરિનો જ સાદ સુણું)

કર્પૂરવનની સરોજના શિક્ષણના શ્રીગણેશ કર્પૂરવનમાં જ મંડાયા. કર્પૂરવનની શાળાના ગણીને ત્રણ ઓરડા હતા. ધોરણો પણ ત્રણ. પણ આખી શાળામાં શિક્ષક એક જ ! નામ તેમનું નરસિંહભાઈ, કદમાં નીચા, અણીદાર નાક, આંખે ચશ્માં, પીળી કફની ને ધોતિયું એ તેમનો પહેરવેશ. અગિયારથી બે વાગ્યા સુધી એ આંક બોલાવતા, બપોર પછી કવિતા ગવડાવતા. વર્ગમાં કુલ પાંચેક જ વિદ્યાર્થીઓ હતા. આ નરસિંહભાઈ બહુ કડક હતા. તે વિદ્યાર્થીને ટેબલ પર હાથ મુકાવીને આંકડી મારતા. સદ્‌ભાગ્યે સરોજને એ આંકડીનો પ્રસાદ કદી મળ્યો નહોતો. કદાચ ઘરની તોફાની સરોજ શાળામાં શાંત થઈ જતી હશે.

કર્પૂરવનની એ આખી શાળામાં દર વરસે ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીએ ઘરનું દૂધ સરોજના પિતાજી તરફથી વહેંચવામાં આવતું. સીઝનમાં દરેકને એક કેરી અને શેરડીનો રસ પણ અપાતો. સંપત્તિને વહેંચવાનો ઉપદેશ બાળપણમાં જ સરોજને મળી ગયો.

રિસેસમાં રોજ ઘરે આવી જમીને પાછી જતી સરોજને બા ‘કંઈ’ આપતા. દરેકને ઘરેથી ચણા-ધાણી-પૌંઆ મળતા. પણ સરોજને પાંચ-સાત કાજુ, આલુ ને પાઈનેપલના એકબે ટુકડા આપતાં. સરોજ બે જ મિનિટમાં નિશાળને ઝાંપે પહોંચી જતી



અને ત્યાં ઊભેલી (રાહ જોતી) બહેનોને મોટા ભાગનું ‘કંઈ’ આપી દેતી. સરોજનો એ સહજ સંસ્કાર હતો-વહેંચી દેવાનો. હાથમાં હોય એ બધું આપી દેવાનો.

સરોજના પિતાજી શિક્ષણપ્રેમી હોવાથી પોતાના સંતાનોને ગામમાં આગળ ભણવાની સગવડ ન હતી તો અન્ય સ્થળે મૂકીને પણ શિક્ષણ આપવું એવો આગ્રહ એમને વ્યારામાં ઘર ભાડે રાખવા પ્રેરે છે અને સાવિત્રીબહેન-સુશીલાબહેન જોડે સરોજને પણ ચોથા ધોરણમાં ગાયકવાડ મહોલ્લામાં આવેલી કન્યાશાળામાં પ્રવેશ અપાવે છે. (મોટી બહેનોની હાઈસ્કૂલમાં પાંચમા ધોરણથી અગિયાર સુધીના વર્ગો હતા.)

સરોજના વર્ગશિક્ષિકા શ્રી સદ્‌ગુણાબહેન શાંત અને પ્રેમાળ હતાં પણ મોનિટર સુમન ખૂબ કડક હતી. તે જ લેસન આપતી ને તપાસતી. દરેક કન્યાએ કપાળમાં ચાંલ્લો કરવો ફરજિયાત હતો. જો કોઈ ભૂલી જાય તો જેના કપાળમાં ચાંલ્લો હોય તેના પર પાણી લગાડી એ ભીનો ચાંલ્લો સામેની છોકરીના કપાળે કરવા એકબીજાનું માથું જોરથી અડાડવાનું. સરોજને પણ ક્યારેક એ પ્રવૃત્તિમાં જોડાવું પડતું.

ઉનાળામાં બહેનોની શાળા સવારની થઈ જતી એટલે સવારે એકલી પડી જતી સરોજને બપોરે શાળાએ જવું ન ગમે. રડે અને જીદ કરે. બહેનો મનાવે-સમજાવે છતાં જીદ ચાલુ રાખતી સરોજને એકવાર થપ્પડ પડી ને બહેનબા તો ઊપડ્યાં વ્યારાથી કપૂરા ! પિતાજી સમજાવી-પટાવી ઘોડાગાડીમાં મૂકી ગયા. ફરી ‘ભણવા નથી જવું’નું રટણ શરૂ થયું, ફરી થપ્પડ પડી ને ફરી

સરોજ કર્પૂરા પહોંચી. આવું ત્રીજી વાર બન્યું ને કર્પૂરાના ઘરમાં પ્રવેશતી સરોજને ભીખીબાની થપ્પડ પડી ને સ્વમાની સરોજ વ્યારાને રસ્તે ચાલી નીકળી ! 'બા'ની આ અણધારેલી પ્રસાદીએ સરોજને નિશાળ જવામાં નિયમિત કરી દીધી. પણ 'મા' સર્વેશ્વરી વિસ્મિત થઈ લખે છે : 'સહજ રીતે સૌને છોડી દેવાની વૈરાગ્યભરી મસ્તી જ અધ્યાત્મજગતની સર્વોત્તમ અવસ્થા'નો પાયો બનીને કાર્યરત થઈ રહી છે.'

પાંચમા ધોરણથી તો સરોજને મોટી શાળામાં બંને બહેનોની સાથે પ્રવેશ મળી ગયો. શ્રી કાલિદાસભાઈએ વ્યારાના તળાવકિનારાના બીજા ઘર પછી, અફીણવાળાની ચાલમાં ત્રણ ખંડનું નવું સરસ ઘર ભાડે લઈ આપ્યું. કર્પૂરાથી નિયમિત વિવિધ જાતનું ભરપૂર ખાવાનું આવ્યા કરતું એટલે કોઈને ઘેર ખાવા-પીવાની ઇચ્છા સરોજ કે તેની બહેનોને કદી થતી નહીં. 'આચારસંહિતાનો પ્રથમ પાઠ શુદ્ધ સાત્ત્વિક આહારનો હતો.'

સરોજ માલતી નામની બહેનપણી સાથે એકવાર સરકસ જોવા જાય છે. નવ વાગ્યા સુધી ઘરે પાછી ન ફરતાં ચિંતાતુર બહેનો તેને શોધવા નીકળે છે. રસ્તામાં સરોજ મળી જતાં વાજતેગાજતે (!) તેને ઘરે લઈ જાય છે. 'મા' સર્વેશ્વરી નોંધે છે તેમ; 'જન્મમરણના સરકસમાં સહજ રીતે સૌ છૂટી પણ જાય. શો પૂરો થતાં જ નવો જન્મ, નવો પાઠ, નવો યુગ, નવો અભિનય, નવાં પાત્રો !'

એ સમયે 'જન્મભૂમિ' વર્તમાનપત્રમાં આવતાં જવાહરલાલના બાળકો સાથેનો ફોટા કાપીને નોટમાં લગાડી



દેવાનો સરોજને શોખ હતો. 'અખંડ આનંદ' સામયિકનાં પણ ગમતાં ચિત્રો ભેગાં કરવાનું તેને બહુ ગમતું. 'મા' સર્વેશ્વરી લખે છે : 'આજે સંતજીવનદર્શન કરાવતાં વિવિધ સ્વરૂપોની સજાવટ એ બાળપણના જ બીજનું વટવૃક્ષ છે.'

સરોજને ગાવા-વગાડવાનો ભારે શોખ હતો. ટેબલ પર તબલાં વગાડે કે વાડામાં દોરી પકડીને હીંચકતી સરોજ મોટે-મોટેથી ગાય. સાવિત્રીબહેનના લેસન-વાંચનમાં ખલેલ પહોંચે તો પહોંચે. તેમને પજવવાનું તેને બહુ ગમતું. ઘરની બાજુની મસ્જિદમાં જેવી બાંગ પોકારવાની ચાલુ થાય કે સરોજ તરત જ ઘરમાં બાંગ પોકારવા માંડે. બંને બહેનો વઢે, અટકાવે, ધમકાવે, સમજાવે કોઈ અસર નહીં. બાંગ પોકારવાની એટલે પોકારવાની જ. 'મા' સર્વેશ્વરી લખે છે તેમ, 'પોકારો પાડવાની જાણે તે તાલીમ હતી. મસ્જિદની બાંગ કે મંદિરની પ્રાર્થના બધું એ બાળકીને મન સરખું જ હતું....એ બાળમાનસથી જાણ્યેઅજાણ્યે થયેલી બંદગીનો જ જવાબ આ વર્તમાન જીવન હશે.'

સાવિત્રીબહેન રોજ સરોજના ચોટલા સવારે સાત વાગ્યે ગૂંથી દે. ને સરોજ પાંચ-સાત મિનિટમાં જ તે છોડી નાંખી, છૂટા વાળ લઈ તેમની પાસે પહોંચી જતી. બહેન ફરી ચોટલા ગૂંથી દે. થોડી મિનિટો પછી ફરી એના વાળ છૂટી જાય ને જીદ-હઠ કરે. નિશાળે જતાં સુધીમાં તો પાંચથી સાત વાર ચોટલા છોડી નાંખવાની તોફાની રમત તે રમી લેતી. સાવિત્રીબહેન વઢતાં-કહેતાં : 'જાતે વાળતાં શીખ. બાપુજીને તારી આ વાત કહી

દઈશ...બોડી કરી દઈશ' પણ સરોજનાં તોફાનમાં કોઈ ફેર પડતો નહીં. સરોજનો જાણે સંકલ્પ હતો કે, બાળપણ તોફાનોથી ધબકતું હોય તો આખા જીવનને ધબકતું રાખે.

વ્યારાના એ ઘરમાં સરોજના પિતાજીના બહેનના પૌત્ર ઈશ્વરભાઈ થોડા દિવસ ભણવા આવ્યા. તેમને મળવા શાળાના ભૂગોળના શિક્ષક જયદેવભાઈ રોજ આવે ને આગળના રૂમમાં જ આરામખુરશી પર બેસે એટલે બહેનને ભણવા-વાંચવામાં વિક્ષેપ પડે. એક દિવસ એમનો આવવાનો સમય થતાં સરોજે આરામખુરશીની એક લાકડી કાઢી નાંખી. જેવા જયદેવભાઈ એની ઉપર બેસવા ગયા કે ફસડાઈ પડ્યા. સરોજના તોફાન વિભાગનું આ એક ઑર પ્રકરણ !

રોજેરોજનો હિસાબ લખતાં સાવિત્રીબહેનને એમનાં બહેનપણી પાસેથી એક સરસ ઉપાય શોધ્યો. જે જે રકમ સામે ખર્ચની વિગત યાદ ન આવે તેની સામે ભ.ખ. (ભગવાનને ખબર) લખી દેવું. 'હિસાબમાં હરિસ્મરણ જોડવાની આ રીત' સરોજને ગમી ગઈ.

વ્યારામાં કર્પૂરાથી રોજ સવારે ઘરનું દૂધ આવતું. પાડોશી કાકી વારંવાર દૂધ લેવા આવી પહોંચતાં એટલે સરોજની બહેનો 'દૂધ નથી' એવું કહેવા માંડી. તો સરોજ કહી દેતી; 'કાકી ! દૂધ તો છે. ચાલો, હું આપું.' બાળપણની આ આપી દેવાની-વહેંચી દેવાની ટેવ સરોજના પાયામાં !

વ્યારાના બજારમાં સરોજને બહેનો સાથે ક્યારેક જ કંઈ લેવા જવાનું બનતું. એ સમયે થેલી ઊંચકવામાં શરમ-સંકોચ



અનુભવતી બહેનો સરોજના હાથમાં થેલી પકડાવી દઈ બદલામાં એક પૈસો આપતી તો સરોજ ખુશ થઈ જતી. 'મા' સર્વેશ્વરી નોંધે છે : 'નાનપણમાં આ રીતે તરત જ પ્રસન્ન થઈ જવાનો (થોડાથી રીઝી જવાનો-આશુતોષ) સ્વભાવ હશે.'

દર શનિવારે કર્પૂરા જતાં ઘોડાગાડીમાં સરોજના પિતાજી

**'છે માનવીજીવનની ઘટમાળ એવી**
**દુઃખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી**
**સુખ સમયમાં છકી નવ જવું**
**દુઃખમાં ન હિંમત હારવી'**

જેવી પંક્તિઓ સમજાવતા-ગવડાવતા-મોઢે કરાવતા.

વેકેશનમાં કે શનિ-રવિ પિતાજી કર્પૂરાની આસપાસના આશ્રમોમાં લઈ જતા. સરોજને મુંબઈ ફરવા પણ લઈ ગયેલા. શાળાના પ્રવાસોમાં પણ અચૂક મોકલતા. સરોજના બાળપણને ઘડવામાં પિતાજીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. લોકજીવનની ભાતીગળ સંસ્કૃતિનો પરિચય પણ કરાવતા. જો કે, થિયેટરો, ભવાઈ, રામલીલા, કઠપૂતળીના ખેલો, હોટેલોથી દૂર રાખતા.

બાળપણથી જ સરોજને પિતાજીએ સમજાવેલું કે, કાળા દોરા જ રક્ષા કરે એવું નથી. રખેવાળું શ્રી રામનું.

સરોજને પિતાજીએ તુલસીકૃત રામાયણમાંથી નાવિક ને શબરીનો પ્રસંગ પણ મોઢે કરાવેલો. એ પ્રસાદ સરોજમાં શ્રદ્ધા, ભક્તિ ને સમર્પણની સંપત્તિ વધારવા સતત સહાયક બની ગયો.

આમ, પાંચ-છ-સાત ધોરણના અભ્યાસે બાર વર્ષની સરોજ

પર શિક્ષણ-શાળા-શિક્ષકો-વાતાવરણનો જે પ્રભાવ પાથર્યો તેની સમાંતરે તેનાં તોફાન જીદ, રીસ સાવ નિર્મૂળ નહોતાં થયાં. સરોજ જરા તોફાન ઓછું કરે, જરા ઘરથી છૂટી પડે, આશ્રમશાળામાં તાલીમ લે તો એનો વિકાસ થાય એવી શુભ ભાવનાથી પિતાજીએ સરોજને નડિયાદમાં વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં મૂકવાનો નિર્ણય કર્યો. 'મા' સર્વેશ્વરી લખે છે : 'હવે સરોજનો લાડકોડનો સમય પૂરો થયો. એક નવા જ આશ્રમી વાતાવરણમાં એ પ્રવેશ કરશે. આશ્રમને જ ઘર માનવું પડશે. ત્યાં માતાપિતા, બહેનો નહીં મળે.'

નડિયાદના વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં આઠમા ધોરણમાં પ્રવેશ લીધેલ સરોજને કડક શિસ્ત અને આકરી જીવનશૈલીનો અનુભવ કરવાનો આવ્યો. સવારે પાંચને ટકોરે ઊઠી જવાનું, ઠંડા પાણીએ ન્હાઈ લેવાનું ! મોડા ઊઠનારને સજા મળતી ૧૬ જણના બિસ્ત્રા ગોઠવવાની ! કડવા લીમડાની ડાળનું દાતણ કરવાનું ! કચરો વાળવાનો, કપડાં જાતે ધોવાનાં, રસોડામાં મદદ કરવા જવાનું. આશ્રમના એક ખંડમાં એક મોટી ને એક નાની વિદ્યાર્થિનીને સાથે રહેવાનું હતું એટલે નાની સરોજને મોટી શારદાબેન વાળ ઓળવામાં-ધોવામાં, વસ્ત્રો ધોવામાં સહાયક થતી. બટાકાપ્રિય સરોજને બધાં શાક ફરજિયાત ખાવાનાં આવતાં તેણે ઉપાય શોધી કાઢ્યો. એવી વિદ્યાર્થિની સાથે બેસવાનું જેને બધાં શાક ભાવતાં હોય ! પોતાની થાળીમાં પીરસાયેલું બધું શાક બાજુવાળી થાળીમાં ચૂપચાપ સરકાવી દેવાનું ! આખું વર્ષ આ ક્રમ ચાલ્યો. એક કલાક રોજ સવારે



રસોઈ કરવાની. સંડાસ-બાથરૂમ ધોવાની, કોઠારમાં અનાજની સંભાળની તેમજ ખેતીકામ શીખવાની તાલીમ સરોજને ક્રમશઃ મળતી. સંસ્થામાં નિયમિત બે વાર થતી સમૂર્થ પ્રાર્થના સરોજને સ્વાભાવિક જ ગમતી કારણ કે પિતાજીના ઘરનો એ ક્રમ હતો.

નડિયાદ કર્પૂરાથી દૂર પડતું હતું અને શાળાનું વાતાવરણ અતિ કડક હોવાથી એક વર્ષ પછી પિતાજીએ સરોજને ત્યાંથી ઉઠાડી લીધી અને નવમું ધોરણ સુરતની જીવનભારતી શાળામાં કરાવ્યું. ત્યાંથી પણ ઉઠાવી ફરી વ્યારામાં એસ.એસ.શાળામાં સરોજને ભણવા મૂકી. આમ, સરોજનો મેટ્રિક સુધીનો અભ્યાસ પૂરો થયો.

સરોજબહેને સુરતની એસ.એન.ડી.ટી.ની કૉલેજમાં બી.એ. સુધી અભ્યાસ કર્યો. બી.એ.માં ગુજરાતી મુખ્ય વિષય સાથે તે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યાં. તેમને ઉમાશંકર જોષી પારિતોષિક તેમજ સુવર્ણચન્દ્રક પણ પ્રાપ્ત થયો. ત્યાર બાદ એક વર્ષમાં તેમણે બી.એડ.ની ઉપાધિ પણ મેળવી લીધી.

'સર્વત્ર અને પ્રત્યેક ક્ષણે જો તમે પ્રભુની હાજરીનો એહસાસ કરશો તો પછી તમારે માટે પ્રેમમાં જીવવું, પ્રેમમાં કર્મ કરવું, પ્રેમમાં બોલવું સર્વકંઈ; અરે ! નાનામાં નાની ક્ષુલ્લક વસ્તુ પણ પ્રેમપૂર્વક કરવી શક્ય બનશે. પછી તે 'અનન્ય પ્રેમ'માં વિકાસ પામશે.'

—સ્વામી શ્રી ચિદાનંદ

## ॥ સુરત સાધનાવિદ્યાભવનમાં શિક્ષણકાર્ય ॥

(શ્રી હરિ આવ્યાના એંધાણ)

૧૯૭૦માં સરોજબહેન સુરતના સાધના વિદ્યાભવનમાં શિક્ષિકા તરીકે જોડાયાં. પણ પોતાની અનન્ય નિષ્ઠા, અપૂર્વ કાબેલિયતથી આચાર્યપદે નિયુક્ત થયાં. એમની અદ્‌ભુત વહીવટીદક્ષતા અને સમગ્રતાથી કાર્ય કરવાની પદ્ધતિને લીધે તેમને શાળાની બંને પાળીમાં આચાર્યા તરીકેની જવાબદારી સોંપવામાં આવી. એ પણ એમણે વિનમ્રભાવે બજાવવા માંડી.

આ બેવડી કામગીરી એમના અધ્યાત્મમાર્ગની તપશ્ચર્યામાં જરા સરખી પણ ખલેલ કરી શકી નહોતી. નિત્ય ૨૫૦ માળા કર્યા પછી જ પાણી લેવાનો નિયમ, આખા દિવસમાં ફક્ત પાશેર દૂધ જ લેવાનું તેમનું પોણાત્રણ મહિનાનું વ્રત બધું જ નિયમિત ચાલે. કડક આત્મશિસ્તથી સિદ્ધ નિરંતર પ્રભુપરાયણતા વેકેશનમાં તેમને પૂ.શ્રી મોટાના આશ્રમના મૌનમંદિરમાં લઈ જતી. દિવસોના મૌનવ્રતે તેમની પાસે ઘણાં ભક્તિભાવસભર પદો રચાવ્યાં. પ્રભુપ્રેમની મસ્તી અને સાધનાની સૂક્ષ્મ શક્તિને કારણે સરોજબહેનને મૌનમંદિરમાં ઘણા સંતદર્શનનો યોગ થયો. આશ્રમની પાસે આવેલા શિવાલયમાં એમને સર્પોથી શોભતા શિવજીનાં દર્શન થયાં. પોતાની રજાઓનો ઉપયોગ તેઓશ્રી પોતાના અધ્યાત્મવિકાસાર્થે જ કરતાં.

ભક્તિભાવાતિરેક અનુભવતાં સરોજબહેને પોતાની સંસ્થાના સંચાલકોને બેથી ત્રણ વાર પોતાનું રાજીનામું સ્વીકારવા વિનંતી કરેલી પણ સંચાલકો એક જ વાત કરી એને નકારતા કહેતા કે, ‘તમારું સંસ્થામાં હોવું એ અમારું સદ્‌ભાગ્ય છે.’



## ॥ પરમ સદ્‌ગુરુસંનિધિ ॥

(શ્રીહરિ મારા હૃદયઆંગણે)

ઈ.સ.૧૯૭૦ થી ઈ.સ.૧૯૮૪ સુધીનો ચૌદ વર્ષનો પરમ સદ્‌ગુરુ શ્રી યોગેશ્વર સાથેનો સરોજબહેનનો સહવાસ-મન-હૃદય-આત્માનો ચૈતન્યસંબંધ તેમના અંતરદીપને પ્રગટાવવાનું, એની જ્યોતને વધારે ને વધારે સ્થિર-દેદીપ્યમાન કરવાનું એવું સામર્થ્ય સિદ્ધ કરી ગયો કે, અધ્યાત્મના અનસ્ત સૂર્યની શાશ્વતી એમાં સદાકાળ ઝળહળતી થઈ ગઈ.

પૂ.મા સર્વેશ્વરી ખુદ આશ્ચર્ય અનુભવતાં કહે છે : ‘ફૂલમાં સુગંધ, ફળમાં મીઠાશ જોવા નહીં, અનુભવવા મળે છે તો પ્રભુ પણ, શ્રી હરિ પણ ‘મા’ની આ સૂકલકડી કાયામાં પ્રવેશી ગયો છે. નજરે ન ચઢ્યો, ના સ્વાગત માટે માળા ગૂંથી, ના એના આગમન માટે શંખનાદ કર્યો. એ ચૂપચાપ પેસી, પ્રસરી ગયો છે. ચૂપચાપ મૌન પડાવ નાંખ્યો છે. જાણે રોમેરોમમાં પથરાઈ ગયો છે. આત્મામાં એની જ પ્રતિચ્છબી. દૃશ્ય જગતની સર્વ અવસ્થાઓમાં એ આનંદની પ્યાલી ધરે છે. એ અદ્‌ભુત પ્રભુને લક્ષકોટિ પ્રણામ.’

૧૯૭૦ના ડિસેમ્બરમાં સુરતના સનાતન હૉલમાં યોજાયેલા શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો સાંભળી ‘મા’ એવાં ધન્ય બની ગયાં કે એ સંતપુરુષ એમને ‘દીવાદાંડી’ સમા લાગ્યા અને ૧૯૭૧માં ફરી સાંભળતાં એમને ‘મા’એ ‘સદ્‌ગુરુપદે’ સ્થાપી દીધા. એમનાં પુસ્તકો વાંચતાં-વાંચતાં ‘મા’ લખે છે તેમ : ‘પૂજ્યશ્રી પ્રિય

લાગ્યા, પૂજ્ય લાગ્યા, વંદનીય લાગ્યા, જ્ઞાની લાગ્યા, નમન કરવા યોગ્ય લાગ્યા.'

પછી તો શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો-શિબિરોમાં 'મા' નિયમિત જવા લાગ્યાં. શ્રી યોગેશ્વરજી સાથે સાધના અંગે નિયમિત પત્રવ્યવહાર થવા માંડ્યો અને જોતજોતામાં તેઓશ્રી 'આરાધ્યદેવ' તરીકે 'મા'ના 'અંતરમાં પ્રતિષ્ઠિત' થઈ ગયા.

૧૯૭૯માં શ્રી યોગેશ્વરજીને હૃદયરોગનો હુમલો આવતાં. એમની સેવાઅર્થે શાળાના આચાર્યપદેથી રાજીનામું આપી, ઘર ત્યાગી, કાયમ માટે સદ્‌ગુરુ સાથે 'મા' રહેવા આવી ગયાં.

ઈ.સ.૧૯૮૦ની શ્રી યોગેશ્વરજીનાં માતૃશ્રીની મરણતોલ બીમારીમાં તેમની સગી દીકરી પણ ન કરે એવી સેવા કરી.

ઈ.સ.૧૯૮૧ થી ૧૯૮૪ સુધી 'મા' દેશવિદેશની બધી જ યાત્રાઓ-પ્રવચન શ્રેણીઓ-શિબિરોમાં શ્રી યોગેશ્વરજી સાથે જ રહ્યાં. પૂજ્યશ્રીના દરેક પ્રવચનને અંતે 'મા'નો વાર્તાલાપ કે એમનું મધુર ભાવભીનું ભજન હોય જ. 'મા'ના ઋજુ, કોમળ, અતિ પ્રેમાળ, મિલનસાર સ્વભાવથી લોકહૃદયમાં એમનું સ્થાન દૃઢ થઈ ગયું.

'મારી અંદર વિઠ્ઠલ
મારી બહાર વિઠ્ઠલ
હું પોતે પણ વિઠ્ઠલ
—અને આ બધું અનુભવનાર પણ હું જ !'

—શ્રી જ્ઞાનદેવ



## ॥ 'મા' સર્વેશ્વરી અને શ્રી યોગેશ્વરજીનો ચૈતન્યસંબંધ ॥

(મધુર અદ્વૈત)

૧૯૮૩માં શ્રી યોગેશ્વરજીએ અમદાવાદમાં નારણપુરાના સકલ એપાર્ટમેન્ટ 'સત્યપથ'માં 'મા'ને માટે નિવાસસ્થાન રાખી તેમને અત્યંત સન્માનપૂર્વક સાથે રાખ્યાં. તેઓશ્રી 'મા' સર્વેશ્વરીનો પૂરો આદર કરતા અને કરાવતા. એકવાર નીચે બેઠેલાં 'મા'ને આસન આપવા અનુરોધ કરી કહ્યું : 'સર્વેશ્વરીના શરીરનું એ પૂજન નથી. એમના ગુણનું, ત્યાગનું પૂજન કરવું એ સમાજનું કર્તવ્ય છે.'

પૂજ્યશ્રી કહેતા કે, ''મા' સર્વેશ્વરીનાં સર્વ લક્ષણો સાધનાથી મળેલાં પરિણામ જેવાં છે. અમે હિમાલયમાં તપ્યા તો એમણે નોકરી કરતાં કરતાં તપ કર્યું.'

તેઓશ્રી અચૂક કહેતા; 'જો પ્રભુનું શરણ લો, વિશ્વાસ રાખો, સાત્ત્વિક જીવન જીવો તો અંદરથી પ્રસન્નતા આવે છે. આખું કલેવર સાત્ત્વિક થઈ જાય. તમારી વાણી, તમારી આંખ, તમારું વર્તન પણ પ્રેમમય થશે. 'મા' સર્વેશ્વરીના ચહેરાને જોયા કરજો.'

શ્રી યોગેશ્વરજી કહેતા; 'ગુરુશિષ્યનો સંબંધ શેઠ-નોકરનો નથી. એ માનવ-માનવ સાથેનો, માનવતાયુક્ત દૈવી સંબંધ છે. ગુરુને ગુરુ તરીકે પૂજી ભગવાન પાસે પહોંચવાનું છે. ભેદબુદ્ધિ નાશ પામતાં ગુરુને પ્રભુ માની પૂજી શકાય.'

'મા' સર્વેશ્વરીને હૈયાધારણ આપતાં શ્રી યોગેશ્વરજીએ કહેલું : 'તમે તો જનમોજનમ સાથે જ રહેશો. તમારા જેવું પ્રિય મને કોઈ નથી. એ વાત ફક્ત બોલવા માટે જ નથી. હું તમારી સાથે છું પછી જગતની શી ચિંતા ? પ્રભુનું મધુર પવિત્ર પ્રેમસ્વરૂપ જ યાદ કરો. પ્રેમથી જ જીવવાનું ને પ્રેમમય વ્યવહાર.'

'આપણે જગતને એવો આદર્શ ધરીએ કે, જગત મોંમાં આંગળાં નાંખી જાય. જુએ કે પ્રેમ તો આવો, ત્યાગ તો આવો જોઈએ. સમર્પણભાવ હોય તો આવો જ જોઈએ. સંયમ અને મધુરતાનો આદર્શ !'

શ્રી યોગેશ્વરજી અને 'મા' સર્વેશ્વરીના આવા પવિત્ર, સાત્ત્વિક, 'મધુર અદ્વૈત'ને કાળની આંચ સાચે જ અડી શકી નથી. આજે ૪૮ વર્ષ વીત્યા પછી પણ એ 'આધ્યાત્મિક સાયુજ્ય' પ્રત્યગ્ન પુષ્પ જેવું તરોતાજા છે.

'પ્રેમ બહુ મહાન આંતરિક બળ છે, 'આત્માની ઊર્જા' છે. જો આપણે પ્રેમને અભિવ્યક્તિથી પર જઈ, એની ભીતર ઝાંખીશું તો અનુભવીશું કે, બીજું કંઈ ત્યાં છે જ નહીં, કોઈ ભેદ નથી. સંપૂર્ણ એકત્વ-એકતા-અદ્વૈત છે. આ સંધાન દિવ્યતા સાથેનું છે, વૈશ્વિક ચેતના સાથેનું છે; જે આપણને સંપૂર્ણ તેમજ સ્થિર બનાવે છે. સાર્થક કરે છે.'

—શ્રી નારદ ભક્તિસૂત્ર



## ॥ મૌનમયી 'મા' સર્વેશ્વરી ॥

'મા' શ્રીરમણની જેમ 'મૌન શક્તિના શાંત પ્રવાહને જ ઉપદેશનું સીધું સચોટ સ્વરૂપ માને છે.' અને In speech there is 'otherness' in silence there is 'oneness'. એ સત્યતાને અનુભવે છે. તેથી જ તેમણે ૧૯૯૫થી મૌન ધારણ કર્યું છે.

'મા'નું મૌન કેવળ વાણીનું મૌન નથી. મનની ગતિને સંપૂર્ણ શાંત કરી દેતું મૌન છે. એ વિશ્રાન્તિમાં બધી જ ઊર્જાઓ અંદર કેન્દ્રિત થાય છે. અંદરથી ઊઠતા 'આંતરિક નાદ'માં 'મા' રમમાણ રહે છે. એટલે અસ્તિત્વની સમગ્રતામાં એ નિવાસ કરે છે. આ સ્થિતિમાં એમને 'આત્મચૈતન્યની અનુભૂતિ' થાય છે અને એ 'કાર્યાન્વિત થતાં પ્રેમ, કરુણા ને શાંતિ સહજ વહે છે.' આવાં જાગ્રત 'મા'માં અભૂતપૂર્વ આત્મસંયમ ઉદ્ભવે છે; જે વિવેક, શિષ્ટાચાર, ગૌરવ કદી ચૂકતો નથી. અનન્ય આભિજાત્ય અને ગરિમાથી એ શોભે છે. એટલે જ 'મા'માં રહેલું શ્રેષ્ઠ આંતરદ્રવ્ય બહાર પ્રગટે છે. એ કોઈપણ કાર્ય કરે એ એમના 'આધ્યાત્મિક સ્પર્શ'થી સમૃદ્ધ હોય છે.

તા.ક.'મા'ના મૌનની જેમ ક્વચિત્ પ્રગટતી 'લિખિત વાણી'-(જે મૌનમાંથી મુખરિત હોય છે) સત્યમંડિત હોય છે. કોઈને પણ આઘાત કે ઉદ્વેગ આપ્યા વિના પ્રેમપૂર્ણ શબ્દવ્યવહાર થાય છે. જે હંમેશાં કલ્યાણકર્તા જ હોય છે.

## ॥ 'મા' સર્વેશ્વરીની શબ્દસંનિધિ ॥

'મા' જેવા પરમ સંતોની મૂક ઉપસ્થિતિ જ પરમ કલ્યાણકારક હોય છે. પણ જનકલ્યાણ માટે મૌનમયી 'મા'એ 'સ્લેટધારિણી' બનવા કરુણા કરી છે.

સ્લેટ પર વારંવાર ''મા'ને જુઓ, 'મા'ને નિહાળો' એમ લખી આપણને સ્વ-રૂપાભિમુખ કરે છે. સાથે સાથે આપણા દુન્યવી પ્રશ્નો, ભૌતિક સમસ્યાઓ, પીડાઓ, આધ્યાત્મિક ગૂંચો વગેરેનાં હળવા નિરાકરણો સ્લેટ પર સૂચવી, એ સર્વ સાધનામાર્ગના અંતરાયો છે એવું પ્રેમથી સમજાવી; પ્રાર્થના, પ્રણામ, મંત્ર-જપ, ધ્યાન જેને જે રુચે એ માર્ગે પ્રભુશરણે જવા પ્રેરે છે. 'મા'ની આવી શબ્દસંનિધિ ઘણીવાર તો સાધકના જીવનનો દૃષ્ટિકોણ સમૂળગો બદલી નાંખવા સક્ષમ બને છે, પણ અહમ્‌રહિત 'મા' સ્લેટના આવા અપ્રતિમ પ્રભાવ માટે લખે છે : 'આ સ્લેટ પર એક પણ શબ્દ 'મા' નથી લખતાં. પ્રભુને જે લખાવવું હોય તે લખે છે. દિવસે દિવસે સ્લેટ પૂજ્યશ્રીની વાહક શક્તિનું સ્વરૂપ ધરી રહી છે. વાણીથી પરમ ચેતનાનો સ્તર નીચે ઊતરતો હશે પણ કલમથી ઘૂંટાઈને વહેતું લેખન અર્કરૂપ હશે.'

'સ્લેટ હરિની ! પેન હરિની ! હાથ 'મા'નો. પરમાત્માની ચેતનાશક્તિ 'મા'ના શરીરના કોઈ એક વિશેષ અંગ દ્વારા પ્રગટવા માંગતી હશે.' એમ લખતાં 'મા' હળવી પળોમાં લખે છે : 'આ સ્લેટમાં 'મા' ડાહીડાહી વાતો લખે છે. 'મા' જાણે પીએચ.ડી. !' પણ 'મા'ની સ્લેટના શબ્દોના ગાંભીર્ય અને ગહનતા સમજનાર તો કહેશે કે; 'સ્લેટમાં ડહાપણ છે પણ એ



સામાન્ય નથી. ગીતાના સંદેશના પર્યાયરૂપ કે ઉપનિષદના નિચોડરૂપ છે. આ 'મા'એ પરમતત્ત્વનું સંશોધન કરી, આત્મતત્ત્વ પ્રીછી લીધું છે. એક વાત તો ચોક્કસ કે પ્રભુ તેમજ પ્રભુનિર્મિત સૃષ્ટિના પ્રત્યેક અંશ સાથે 'મા'નો અનન્ય પ્રેમનાતો છે. એટલે એમની સ્લેટ પર સહજ, સતત એમની સ્નેહધારા વહ્યા જ કરે છે. એ સ્નેહગંગામાં અવગાહન કરનારા ધન્ય બની જાય છે.'

પરમ પૂજ્ય 'મા'ના સહજ સ્નેહની અનુભૂતિ બહુધા મૌનમય દર્શનરૂપે તો ક્યારેક-ક્યારેક સ્લેટ પર ઝરતા શબ્દપ્રસાદરૂપે પ્રાપ્ત થઈ છે. કોઈ ને કોઈ ભક્તના માધ્યમના સૌજન્યથી વર્ષો સ્લેટ પર અંકાતા 'મા'ના શ્રીશબ્દોમાં આપણા સર્વ કષાયોને દૂર હટાવતી શુચિતા-પવિત્રતા અને પ્રસન્નતા છે. પરિણામે 'મા'ની શબ્દસંનિધિ આવનારને ભીંજવતી જ નથી, પ્રક્ષાલિત પણ કરે છે.

'મા'ના શબ્દો એટલા સરળ, સાદા, સીધા ને સહજ હોય છે કે કોઈપણ જિજ્ઞાસુના મન-અંતરમાં સીધા પ્રવેશી એના ચૈતન્યને રણઝણતું ન કરી દે તો જ નવાઈ !

'મા'ના શબ્દોનો સૌથી પ્રાણવાન અંશ એમના અધ્યાત્મની મૂક, શાંત, સૂક્ષ્મ સુગંધ છે જે એમના 'સમગ્ર ચૈતન્યસ્પંદરૂપે' અનુભવાય છે.

---

'જો આ સંસારમાં રાગદ્વેષરહિત સંત બિરાજમાન છે તો પછી એની સંનિધિનો લાભ જતો કરીને તપ, દાન, તીર્થોનું શું પ્રયોજન ?'

# ॥ 'સ્વર્ગારોહણ' : 'મા'નું આંતરદર્પણ ॥

ગુજરાતના અતિ પ્રસિદ્ધ તીર્થધામ અંબાજીમાં આવેલ 'સ્વર્ગારોહણ' તપોવનકાલીન સંસ્કૃતિનું આધુનિક સંસ્કરણ છે એ શ્રી યોગેશ્વરજીની સંકલ્પસૃષ્ટિ છે.

'તા. ૩૧–૧૦'૮૩ ના રોજ શ્રી યોગેશ્વરજીનાં ચરણકમળ માત્ર પાંચ મિનિટ માટે અહીં પ્રતિષ્ઠિત થયાં ને એક ક્ષણિક સ્પર્શના ચમત્કારે આ ભૂમિને તીર્થનો મહિમા અર્પ્યો. એ પવિત્ર ભૂમિ અહીં આવનાર શક્તિસ્વરૂપોથી–ભક્તોથી–સાધકોથી–જિજ્ઞાસુઓથી ચિન્મય બની રહે છે.' એમ 'મા' લખે છે.

પ્રગટ મહિમા ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનો સદા પ્રસરતો રહે અને પ્રચ્છન્ન 'મા' સર્વેશ્વરીનું સમર્પણ મહેકતું રહે એવા 'મધુર અદ્વૈતનો સૂક્ષ્મ ચૈતન્યપ્રસાર એ આ તીર્થની પ્રસાદી.

પૂ. 'મા'ની મંગલમય ઉપસ્થિતિને કારણે આ તપોભૂમિ અત્યંત સુઘડ, સ્વચ્છ, પવિત્ર રહે છે. આ ભૂમિના પ્રત્યેક અંશ સાથે પૂ. 'મા' ની સૂક્ષ્મ સંવેદનશીલતાનો સંબંધ અનુભવાય છે. 'મા' નો પ્રેમાભિષેક અહીંના અણુ–પરમાણુ પર સતત થતો જ રહે છે.

પૂ. શ્રી યોગેશ્વરજીની કલ્પના તો આ યાત્રાધામમાં 'માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ' રચવાની જ હતી. 'મા' એ યોજના તો સાકાર કરી જ. પણ સાથે–સાથે એની મધ્યમાં 'યોગતીર્થ' કેન્દ્રનું ભવ્ય–મંગલ આયોજન કર્યું. જેથી અહીં આવનાર દરેક ગુજરાતના પનોતા સંત, હિમાલયના મહાન તપસ્વી, મન–



વચન–કર્મથી આખા વિશ્વના મંગલ માટે અંતિમ શ્વાસ સુધી પ્રયત્નશીલ, પ્રકાશના પંથે ચાલતાં–ચાલતાં સ્વયં પ્રકાશરૂપ બની રહેલ દિવ્ય આત્માના જીવન તેમજ કાર્યના સળંગ ઈતિહાસની ભવ્ય ઝલક પામી શકે. સાધકમાંથી સિદ્ધ બનેલા સંતશ્રી યોગેશ્વરજીનાં વિવિધ આકર્ષક સ્વરૂપો, એની કલાત્મક ગોઠવણી, એની સંવેદનાત્મક શબ્દોમાં અભિવ્યક્તિ. સર્વ કંઈ એટલું મોહક–પ્રભાવક છે કે 'યોગતીર્થ'ની એક પરિક્રમા દર્શકના મન–હૃદયમાં પવિત્ર આંદોલનો જગાડી જાય. 'યોગતીર્થ' માં સતત ગુંજતો 'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્રનો સૂર આપણને અધ્યાત્મનો અદ્ભુત ચૈતન્યસંસ્પર્શ કરાવી રહે છે.

'સ્વર્ગારોહણ'ના પ્રવેશદ્વારની બરોબર સામે મધ્યમાં પ્રતિષ્ઠિત શ્રી યોગેશ્વરજીનું છાયાચિત્ર સર્વને સદૈવ આવકારતું 'સરોડાગામે બાલમુકુન્દમ્...' પંક્તિઓનું સુંદર નિદર્શન કરી રહે છે.

એનાથી થોડા જ અંતરે શ્રી યોગેશ્વરજીના પ્રાગટ્યધામ સરોડાની શૈશવપગલીઓની પુનિત રજને સ્વર્ગારોહણ તીર્થભૂમિ સાથે એકરૂપ કરી દઈ, પૂજ્યશ્રી યોગેશ્વરજીના બાળપણ અને કિશોરવયનાં સ્વરૂપોને માતાજીનાં સ્વરૂપોની સંનિધિમાં પ્રસ્તુત કરી, શ્રી યોગેશ્વરજીના આખા અતીતને જાણે શાશ્વતીથી મઢી લેવાયો છે.

'સ્વર્ગારોહણ' માં પ્રવેશતાં જમણી બાજુ હૉલના વિશાળ ઓટલા ઉપર (આ પુણ્યભૂમિ જેના અતિ ઉદાર–સ્નેહસભર હૃદયની સૌગાદ છે એવા) શ્રી શાંતિભાઈના કુટુંબની સૌમ્ય–નમ્ર

તસ્વીરો સર્વનું અભિવાદન કરે છે. ડાબી બાજુ પાછળ શાંતિભાઈની જ ગાડીમાં પૂજ્યશ્રી યોગેશ્વરજીએ દક્ષિણ ભારતનો પ્રવાસ કરેલો, એને 'તીર્થસંગિની' નામ આપી સ્મૃતિચિહ્નરૂપે ત્યાં મૂકવામાં આવી છે.

એની પાસે જ એક 'સાધનાકુટિર' છે જે અદ્યતન મેગ્નેટિક ડોરવાળી, પિરામિડ આકારની છે. તે કેનેડાના ભક્તોનો સ્નેહ ઉપહાર છે. આ એ જ પવિત્ર સ્થાન છે જ્યાં વર્ષો પહેલાં 'મા' સર્વેશ્વરીએ વેરાન પ્રદેશમાં જ્યાં પાણીની પણ સગવડ ન હતી, ત્યાં 'પર્ણકુટિ' સ્વહસ્તે બનાવી, વર્ષો એમાં સાધના કરી હતી. અગણિત વ્રત–તપ–જપ–અનુષ્ઠાનો પારાયણો પ્રાર્થનાઓથી પુનિત આ કુટિયાને પૂજ્ય શ્રી યોગેશ્વરજીએ જ 'સર્વેશ્વરીતીર્થ' નામ આપેલું. 'આ કુટિયામાં થતી પ્રાર્થના પ્રભુ સાંભળે જ છે' એવી અનેક ભાવિકોની શ્રદ્ધાની આ પ્રતીક છે.

હમણાં જ પૂ. 'મા'એ સાધકોને મૌનમાં બેસવા માટે ભોંયરાના એક વિશાળ ખંડની આયોજના કરી છે. 'શાન્ત તીર્થમાં સ્વયં શાન્ત થઈ, મૌન થઈ પોતાને જ મળો.' એ એમનો પ્રેમાદેશ છે.

'સ્વર્ગારોહણ' માં આવનાર સાધકોની સાધનાની એકે ક્ષણ વેડફાય નહિ એની પ્રેમભરી દરકાર રાખનારાં 'મા' નિયત પત્રક તૈયાર કરે છે. સમાજના દરેક ક્ષેત્રની વિશેષ પ્રતિભાઓને આગળ કરી, આપનાર–લેનાર બંને કૃતાર્થ થઈ જાય એવું મંગલમધુર વાતાવરણ રચે છે.

અંબાજીની આસપાસનાં ગામોમાં વસતા દરિદ્રનારાયણો



માટે સર્વમંગલ ટ્રસ્ટની સહાયથી વિવિધ કેમ્પો આયોજિત કરી, તેમને માટે 'મા' ભીડભંજક બને છે. લાકડાં વીણવા જતી સ્ત્રીઓ, શિક્ષણવંચિત બાળકો, દયનીય વૃદ્ધ–અશક્તોનો 'મા' સ્નેહાશ્રય બને છે.

'સ્વર્ગારોહણ' માં આવનાર પક્ષીઓ માટે પણ ખાસ ચણ ધાબા ઉપર, સ્વચ્છ ચાદર પર પથરાય છે. પક્ષીઓ કલરવ કરતા હોય ત્યારે 'મા' બધાંને શાન્ત થઈ એ સ્વર સાંભળવા અનુરોધ કરે છે.

'સ્વર્ગારોહણ'નાં વૃક્ષ–વેલીઓ, ડાળીઓ–પર્ણો–પુષ્પો સાથે પણ 'મા' નો સંવેદનનાતો અનન્ય છે. કોઈ બાળક રમતમાં પણ એક ફૂલ–પાન તોડે નહિ, એવું અનુશાસન ! પૂ. શ્રી યોગેશ્વરજીનાં 'તત્ત્વબોધદર્શક સૂત્રો' સુંદર રોપાસ્વરૂપે વચ્ચે વચ્ચે મૂકવામાં આવ્યા છે. એ દ્વારા 'પ્રકૃતિ પ્રભુનું વરદાન છે.' એ સત્ય સમજાય છે.

અહીંના પ્રાંગણમાં એક નાનકડું બાલોદ્યાન–ક્રિડાંગણ પણ છે.

'સ્વર્ગારોહણ' ના સેવકો માટે 'શાંતિકુલ'માં ખાસ આવાસો ઊભા કરવામાં આવ્યા છે. 'મા' ના અઢળક પ્રેમનો પ્રસાદ પ્રાપ્ત કરનાર સેવકો અહીં આવ્યા પછી અન્યત્ર જવાનું નામ લેતા નથી.

'સ્વર્ગારોહણ' શ્રી યોગેશ્વરજીના પુનિત સ્મૃતિતીર્થને સમાંતરે 'મા' સર્વેશ્વરીના મંગલ સ્નેહતીર્થનું ગૌરવ ધારણ કરે છે.

અહીં આવનાર પૃથ્વીવાસી ચિંતામુક્ત થઈ પ્રસન્ન શાંતિ–નર્યા પ્રેમના સ્વર્ગનું આરોહણ કર્યાનો પરિતોષ પામે છે એટલે આ પુણ્યભૂમિનું 'સ્વર્ગારોહણ' નામ સાર્થક બને છે. પણ 'મા' કહે છે તેમ, 'આવે એ જ પામી શકે. આ ભૂમિની દિવ્યતા–પ્રભુતા સદૈવ ભક્તોની પ્રતીક્ષામાં હોય છે પણ બડભાગી જ આવતા હોય છે.'

તો આવો આપણે પ્રગટ–અપ્રગટ ઉભય ચૈતન્યસ્વરૂપોની પવિત્ર સંનિધિ પામવા 'સ્વર્ગારોહણ' જઈએ અને ધન્ય બની ગાઈએ :

**'ચલ સ્વર્ગારોહણ, ચલ સ્વર્ગારોહણ**
**શોક–ભાગ્યકો ડાલ બદલ, ચલ સ્વર્ગારોહણ...'**

ભલે દુનિયાના ચારે ખૂણે શોધી વળો. હિમાલય, સહરાના રણ કે સમુદ્રને તળિયે જઈને શોધી વળો પણ જ્યાં સુધી સત્યની પ્રાપ્તિ કરનાર ગુરુ ન મળે ત્યાં સુધી તમને સાચો ધર્મ નહિ મળે.

સત્યસ્વરૂપ ગુરુ કહેશે : 'તારા પગમાંથી જોડા કાઢી નાખ કારણ કે જે જગ્યાએ તું ઊભો છે તે ભૂમિ પવિત્ર છે. અને જો ભૂમિ આવી પવિત્ર હોય તો તેના નામનું રટણ કરે તે કેટલો પવિત્ર હોવો જોઈએ ? અને જેનામાંથી 'આધ્યાત્મિક સત્યો' બહાર આવતા હોય એની સમીપ આપણે કેટલા આદરપૂર્વક જવું જોઈએ ?



## ॥ શ્રી યોગેશ્વરજીની દૃષ્ટિએ 'મા' ॥

'મા' ભગવતી, પરમાત્માની પરમ આહ્લાદિની શક્તિ પોતાની લીલા માટે પોતે જ શ્રીવિગ્રહ ધારણ કરે છે ને સ્વેચ્છા પ્રમાણે પ્રગટે છે. પ્રેમ, રસ, પવિત્રતાના સ્વરૂપ સમાન પ્રગટે છે. એને કર્મબંધન નથી નડતાં. એનું જીવનકાર્ય જુદું જ હોય છે. એ જેના પર અનુગ્રહ કરે છે તે ધન્ય બને છે. એ નારીરૂપે નારાયણી છે.

❋

'મા' તમે તીર્થસ્વરૂપ છો. તીર્થો તમારા પરમ તીર્થરાજમાંથી જ પ્રગટ્યાં છે.

❋

મારા જીવનમાં મેં જેમના અલૌકિક અનુગ્રહની ઉપલબ્ધિ માટે આકરી આરાધના કરેલી તે મા જગદંબા પોતે જ એમનું સ્વરૂપ ધારીને અણીને વખતે, મારી સેવા માટે આવી પહોંચ્યાં.

❋

'મા' યોગેશ્વર પરિવારમાં જોડાયાં નથી. પરિવાર પૃથ્વી પરનો બધે એમનો જ છે. આપણે જ એમની સાથે જોડાયાં છીએ.

❋

'મા'નું મન ક્યાંય નથી હોતું. એમનું અંતર સર્વથી અલિપ્ત રહે છે. તો પણ એ સૌની સાથે સરળ, નિર્દોષ બાલિકાની પેઠે છૂટથી હળેમળે છે ને સૌનાં મનને જીતી લે છે.

❋

(શ્રી યોગેશ્વરજીની અતિ ગંભીર માંદગી વખતે) એવા વિપરીત વાતાવરણમાં પણ 'મા' શાંત, સ્વસ્થ અને અચળ હતાં.

એમનું આત્મબળ અપ્રતિમ હતું. એમના અંતરમાં સંવેદના હોવા છતાં મુખમંડળ પર અસીમ શાંતિ, અપાર પ્રસન્નતા, અસાધારણ આશા અને અવર્ણનીય નિષ્ઠા તથા નિર્ભયતા હતાં. અન્યને હિંમત અને આશ્વાસન આપવાના કાર્યની સાથે સાથે એ અતિશય ઉત્કટતાપૂર્વક પરમાત્માને પ્રાર્થના પણ કરતાં રહેતાં.

❊

મારા અત્યાર સુધીના જીવનમાં મેં કેટલીય સ્ત્રીઓને નજીકથી નિહાળી છે, પરંતુ એ સૌમાં સરોજબહેન સર્વોત્તમ છે. પ્રેમ, પવિત્રતા, પ્રભુપરાયણતા, તપ-તિતિક્ષા, ભાવ તથા ભાવના અને સમજની દૃષ્ટિએ મેં જોયેલાં સઘળાં સ્ત્રીપુરુષોમાં એ ચઢી જાય છે.

❊

સૌ કોઈ એમને ઓળખી, સમજી, સન્માની નહીં શકે. જેનો પૂર્વેનો પુણ્યોદય હશે એ જ અલ્પ પણ ઓળખશે, સમજશે, સન્માનશે; એ લાભાન્વિત થશે, ધન્ય બનશે.

❊

ભવિષ્યમાં 'મા' થકી અનેક જીવોનું કલ્યાણ થશે.

❊

જે ગંગાના પાણીને પાણી, વૃંદાવનની રજને રજ ને જગન્નાથના પ્રસાદને સામાન્ય પ્રસાદ માને છે તે ભૂલ કરે છે. એમ જે સર્વેશ્વરીને સામાન્ય સ્ત્રી માને છે તે ભૂલ કરે છે. એ તો જગદંબાનું પ્રગટ સ્વરૂપ છે.

❊



## ॥ 'મા'ની સહજાવસ્થા ॥

'મા' સર્વેશ્વરીનો આપણા માટેનો પારાવાર સ્નેહ એક જ વાત કહે છે : 'અખંડ બનો, સહજ બનો અને પોતાની સહજતાને સમગ્રતાથી જીવો.' પોતાનું જીવન-આચરણ પોતે નિર્મિત કરો. તમે જ તમને મળો. પોતાની રોશનીમાં જીવો. નદી કોઈ નકશા વિના સાગરને શોધી કાઢે છે.'

'મા'ની સહજાવસ્થા એમની નિષ્કામ ભક્તિનો પર્યાય છે. જે અહંશૂન્ય બને છે તે સંતકવિ કબીર કહે છે તેમ :

'જો સૌવૈ તો સુન્નમેં જો જાગે હરિકથા
જો બોલૈ તો હરિકથા, ભક્તિ કરૈ નિહકામ.'

જે સૂઈ જાય તો શૂન્યમાં (પણ સમજપૂર્વક 'હું નથી એવા ભાવમાં.') બોલે તો હરિનામ (ન બોલે, ચૂપ રહે તો પણ હરિનામ) આવી વ્યક્તિ પાસે ઊઠવા-બેસવામાં પણ હરિકથા. કેમકે, એના જીવનમાં જે કંઈ છે એ બધું ભક્તિ છે, કોઈ કામના નથી. સહજના સૂત્રમાં બધું આવી જાય. જ્ઞાન-ભક્તિનો બધો નિષ્કર્ષ આવી જાય.

તાનસેને એટલે જ કહ્યું : 'હું એટલે વગાડું છું કે મને કંઈ મળે. મારા ગુરુ હરિદાસ એટલે વગાડે છે કે એમને કંઈક મળી ગયું છે. જે મળી ગયું છે ત્યાંથી એમનું સંગીત આવે છે, વહે છે તેથી આનંદ જ આનંદ. હું વીણામાં પૂરેપૂરો નથી હોતો, વિચારોમાં હોઉં છું.'

જેમને હરિદાસ જેવો આનંદ થયો, એમાંથી જે ભક્તિ-

અર્ચના ઊઠી; એનું સૌંદર્ય કંઈ ઑર જ હોય. તેઓ પૃથ્વી પર છે પણ આ પૃથ્વીના નથી. એમના ચોવીસે કલાક હરિનામ ગુંજે છે. એમના શ્વાસ-શ્વાસમાં એ જ રસાય છે. સર્વમાં એને જ જુએ છે.

વ્યક્તિ જેવી શૂન્ય થઈ કે ભીતર 'પ્રેમની ગંગા' ઊતરી આવે છે. પછી આવી વ્યક્તિનું ધ્યાન, જપ, પ્રાર્થના, મૌન, પ્રણામ, લેખન, ભક્તિમાં ડૂબેલું સમગ્ર જીવન હરિકથા છે. એ એમના જીવાતા જીવનનો સૂર બને છે.

સંત રવિદાસ કહે છે તેમ; ' 'છત નંઈ રે'વે છાની.' તેમ આત્મપ્રાપ્તિનું તેજ અછતું રહેતું નથી. બધી રીતે સામાન્ય છતાં બાલસહજ નિખાલસતા, મધુર હાસ્ય, ચમકારા મારતી પ્રજ્ઞાની સ્ફૂર્તિ અદ્‌ભુત વરતાય. હસતા-ખેલતા દેખાતા, સદૈવ બ્રહ્માનંદમાં હિલોળા લેતા જોગીનું ચિત્ર એમાં દેખાય.

વાણી વેધક-માર્મિક, વર્તન-સચ્ચાઈપૂર્ણ, નિખાલસ, પારદર્શક, પુસ્તકના પળોજણને બદલે પોતાના અનુભવથી જાણી નિતારેલું જીવનનું સારતત્ત્વ. આવી વ્યક્તિ સંપૂર્ણ સત્યનિષ્ઠ.

આવી પરમ કલ્યાણમયી વ્યક્તિની સંનિધિ હોય અને આપણો પ્રયત્ન હોય તો અનંતનાં બારણાં ખૂલી જાય. પંચમહાભૂત ધૂળમાં મળી જાય છતાં અનસ્ત જ્યોતની-આત્મસ્વરૂપની પહેચાન થાય.'

સ્નેહેશ્વરી 'મા' સર્વેશ્વરી આવાં 'સહજસ્વરૂપા' છે, જે કોઈ અકળ શક્તિથી આપણા જીવનનું રૂપાંતર કરવા સક્ષમ છે.



# ॥ 'મા'ની સાંપ્રત છબી ॥

(સ્વસ્થ શરીર, પ્રફુલ્લિત મન, પ્રસન્ન આત્મા)

આજનાં 'મા' સર્વેશ્વરી અહંકારના કેન્દ્રમાંથી ઉપર ઊઠી, સમગ્રતામાં પ્રતિષ્ઠિત થયાં છે. સઘળાં કર્મો કરતાં કરતાં અંતરંગ મૌનમાં રહે છે ને પરમ આનંદ પામે છે. સર્વ કોલાહલોથી ઉપર ઊઠી, યશ–સન્માન–પ્રચાર–જાહેરાતના ઘોંઘાટોથી પર રહી, મૌનના સંગીતમાં ઓતપ્રોત થવામાં જ 'મા'ને જીવનની કૃતાર્થતા, અસ્તિત્વની સાર્થકતા લાગે છે.

ઉપદેશ–પ્રવૃત્તિનું સ્થાન પ્રબળ અંતર્મુખતાએ લીધું છે. 'મા' દૈનિક વ્યવહારમાં મૂર્ત અધ્યાત્મના ઐશ્વર્યથી જાતને જ નહિ, જગતને અજવાળી રહ્યાં છે.

શ્રી રમણની જેમ 'મા'ની સમગ્ર સાધનાનો સૂર છે : 'તમારું કર્તવ્ય આ કે તે બનવાનું નહિ, કેવળ હોવાનું છે.'

**'મા' શરીરને પ્રકૃતિનું ઉત્તમ વરદાન માની,** પોતાની વૃત્તિઓને તંદુરસ્ત રાખવા, પ્રાકૃતતાથી સુસંસ્કૃત કરવા હંમેશાં મથે છે. સાત્ત્વિક આહારનાં બીજ તો નાનપણથી જ હતાં. ઈ. સ. ૧૯૮૪ થી 'મા' એ અન્નત્યાગ કર્યો નહિ, થઈ ગયો. ઘણાં વર્ષો સુધી એક દિવસ ફળાહાર અને એક દિવસ નિર્જળા ઉપવાસનો સિલસિલો સળંગ ચાલ્યો પણ આરોગ્ય કદી કથળ્યું નહિ. આજે પણ 'મા'ના બધા રિપોર્ટસ નૉર્મલ જોઈ, ડૉક્ટરો પણ આશ્ચર્ય અનુભવે છે.

નિદ્રાજય 'મા'ને સહજ છે. નિદ્રાના કલાકો અતિ અલ્પ હોવા છતાં થાક કે સુસ્તિ એમનામાં કદી ન વરતાય. સદાય

સ્ફૂર્તિવંત, તાજગીભર્યાં ને પ્રવૃત્તિતત્પર લાગે.

૧૯૯૦ થી શરૂ થયેલા 'મા' ના પ્રણામ આજે રોજના ૨૨૫ સાષ્ટાંગ પ્રણામમાં પરિણમ્યા છે. યાત્રાએ જવાનું હોય તો 'મા' આગોતરા પ્રણામ કરી લે છે. પ્રભુનું દેવું કદી ન રાખે. કોઇ વિશેષ અવસર હોય તો 'મા'ના પ્રણામોની સંખ્યા વધી જાય. પ્રણામ 'મા'ને મન વ્યાયામ નથી, સાધના છે. અને એ એમને એટલા પ્રિય છે કે, 'પોતાના એકના એક સંતાન માટે ડૉક્ટર જે કહે તે કર્યા વિના કોઇ માતા રહી જ ન શકે તેમ અમને પ્રણામ ખૂબ ગમે એટલે કર્યા વિના રહેવાય જ નહિ.' એમ તેઓ કહે છે.

યોગાસનો, પ્રાણાયામ, હળવી કસરતો ઉપરાંત જપ કરતાં કરતાં થતી પ્રદક્ષિણા આ સર્વ અતિ નિયમિત કરી, 'સાધનાના કરણ' તરીકે 'મા' શરીરનો ઉત્તમ ઉપયોગ કરી, આજે ૭૫ વર્ષ વટાવ્યા પછી પણ યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ, કાર્યક્ષમતા સાધે છે.

ક્વચિત્ કોઇ અંગ આંગળી ઊંચી કરે તો તેની સાથે મિત્રવત્ વ્યવહાર કરી, પોતાનું ધાર્યું કરાવી લે છે. આમ, 'મા' શરીરમાં રહેવા છતાં શરીરથી પર રહી શકે છે.

'મા'એ સાબિત કરી આપ્યું છે કે, જો શરીર પ્રકૃતિનાં બળો પ્રત્યે નહિ, પણ જો પ્રભુની શક્તિ પ્રત્યે ખુલ્લું હોય તો ક્યારેય માંદું પડતું નથી. કોમળ, સ્થિતિસ્થાપક શરીર 'મા'ના શ્વાસોચ્છ્વાસ, રુધિરાભિસરણ અને પાચનતંત્રના લયને સરસ જાળવે છે. 'મા' કહે છે તેમ : 'એક પણ ગોળી–ટીકડી વિના 'મા' ના શરીરનું તંત્ર પ્રભુ સંવાદી રીતે ચલાવે છે.'

સાચે જ 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્' એ શાસ્ત્રવચનને



'મા' આમ સહજ સન્માને છે.

'મા' એ બંધન–મોક્ષના કારણરૂપ 'મન'ને બહુ સરસ કેળવ્યું છે. માતાપિતા, શાળા, કૉલેજ, કારકીર્દી, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક વિચારધારાઓ તેમજ સદ્ગ્રંથો તથા સંતસંનિધિથી એને વૈભવવંતું કર્યું છે. છતાં સમાજના નિશ્ચિત માળખામાં જડ એકમ બની ગોઠવાઇ જવાને બદલે એ પોતાની પસંદગીનું સ્વાતંત્ર્ય જીવે છે.

'મા' નું મન એટલું સ્વાધીન છે કે, ભૂતની સ્મૃતિનો ભાર નહિ, ભવિષ્યની ચિંતા નહિ અને સાંપ્રતમાં પણ સનાતનતાની-નિત્યનૂતનતાની સૌરભ માણે છે. 'મા' ના સ્વસ્થ–સંતુલિત મનમાં કોઇ આગ્રહ, કોઇ ઇચ્છા, કોઇ વળગણ, રાગદ્વેષ, ગમા–અણગમા, પૂર્વગ્રહ કે નિષેધ નથી.

પ્રભુપ્રેષિત પ્રત્યેક પરિસ્થિતિનો સહજ સ્વીકાર હોવાથી સુખદુઃખના દ્વન્દ્વ એમને સતાવતા નથી. એમનું મન સદૈવ શાંત અને પ્રસન્ન રહે છે.

આમ, 'મા' એટલે સ્વસ્થ શરીર, પ્રફુલ્લિત મન અને પ્રસન્ન આત્મા. ઉત્તમ ગુણયુક્ત જીવન, જેમાં નિત નવું શીખવાની તત્પરતા, નવા–નવા પ્રયોગોને આવકારી, પરંપરાને આત્મસાત્ કરી, શાશ્વતી સાથેના સંબંધને ઑર જીવંત, ઑર દૃઢ બનાવવાનો જાણે કીમિયો !

''મા' સર્વેશ્વરીની અત્યારની અવસ્થા 'Divine aloneness' (દિવ્ય સ્વાધીનતાની) છે.'

## ॥ 'મા' માટે એકાન્ત-મૌન કેમ અનિવાર્ય ? ॥

'મા'નું એકાન્તસેવન જનવિમુખતા કે એકાકીપણાની વૃત્તિથી થતું નથી. લોકોને તુચ્છ સમજીને, ઉપેક્ષાભાવથી નહીં પરંતુ જેટલું સંબંધોનું ક્ષેત્ર વ્યાપક બને તેટલો એકાન્તનો સમય વધારે રાખવો પડે જેથી શરીર-મનની સમતુલા ટકી શકે.

'મા' જેવા સંતો પ્રભુકૃપાથી વ્યક્તિઓને આગળ લઈ જવા પોતાના શરીરને ટ્રસ્ટ ગણી સંભાળે છે. એને યુક્ત આહાર-વિહાર-વિશ્રામ આપે છે કેમકે આવી વ્યક્તિના શ્વાસોચ્છ્‌વાસ પણ પોતાના માટે નહીં, સર્વને માટે હોય છે. જાણે એક અખંડ યજ્ઞકુંડ પ્રદીપ્ત રહે છે. તેથી સહી શકાય તેટલો જ સંપર્ક આવી વ્યક્તિ રાખી શકે.

અનંત સંસ્કારોવાળી વ્યક્તિઓની સાથે તદાત્મભાવથી રહેવું સરળ નથી. છતાં જે વખતે પ્રારબ્ધવશ જે સામે આવે છે તે સંતો માટે પ્રભુની મૂર્તિ છે. એ જ એની પૂજા-અર્ચના છે.

'મા' કહે છે : 'સ્મૃતિ શું છે અમે જાણતાં નથી. જે જગ્યા છૂટે એ યાદ પણ ન આવે.' છતાં જેમ જેમ ક્ષેત્ર વ્યાપક થતું જાય છે તેમ તેમ જનસંપર્કનો સંકોચ કરવો પડે. સંતો બધો જ સમય બહાર આવીને કામ કરે તો પોતાનો અંતઃવ્યાપાર ચલાવે કઈ રીતે ?

વળી, સ્પંદનોનું પણ એક શાસ્ત્ર હોય છે. 'મા'નું જીવન એમના સ્પંદનોમાંથી બોલે છે. એ જ સાચી વાણી ! એની આભા-કાંતિ પરથી ખબર પડી જાય કે, એ શું જીવી રહ્યા છે.



કશું સંતાડી શકાતું નથી. શરીર દ્વારા પ્રત્યેક સ્પંદન પ્રસારિત થતું રહે છે. અધ્યાત્મમાં અંગત કશું છે જ નહીં. બધું 'મા'ના મૌનમાં સમેટાઈ જાય છે.

નિરંતર આત્મસ્થ રહેનારી વ્યક્તિને લોકોના સ્પર્શથી તકલીફ થાય છે. જેના વ્યવહારમાં આહારવિહારની શુદ્ધિ નથી, જેના જીવનમાં સંયમ નથી. એવી વ્યક્તિ આવીને 'મા'ને સ્પર્શ કરે ત્યારે સમાધિમાંથી જાગેલા 'મા'ને આંચકો લાગી શકે છે.

આખરે સાધના છે શું ? 'સમગ્રતાનું શોધન'. એટલે શોધન ન કરનારના સ્પર્શથી સાધનારતને કષ્ટ થઈ શકે. 'મા'ની સંવેદનશીલતા એટલી બધી સૂક્ષ્મ છે કે બીજાની દૃષ્ટિનો સ્પર્શ પણ એ સહી ન શકે. તેથી જનસંપર્કમાં જે શક્તિનો હ્રાસ થાય તેની પૂર્તિ કરવી આવશ્યક બને છે ને એકાંતનો સમય વધારવો પડે છે. આમ 'મા' માટે એકાન્ત-મૌન અ-નિવાર્ય બને છે.

'શ્રી રમણ એટલે જ બોલતા ન હતા. કલાકો બેસી રહે. જેને જોવું હોય એ જોયા કરે. કલાકો તમે બેસી રહો તો એ પણ બેસી રહે. ભારે ચતુર !

શ્રી રામકૃષ્ણ ભોળા. એટલો પ્રેમ, એટલો પ્રેમ કે એ પ્રેમને શરીર ૪૯ વર્ષ પણ સહી શક્યું નહીં. આખો દિવસ જે કોઈ આવ્યું તેની સાથે બોલતા જાય. અંતિમ ક્ષણ સુધી બોલ્યા. અસ્થિમજ્જાના શરીરમાં એટલા ઉત્કટ પ્રેમનું વહન થવું, સહન થવું, સંભવ ન હતું.'

—શ્રી વિમલા ઠકાર

# ॥ એ'કાન્ત' માટે 'મા'ની સર્વ સાધના ॥

'મા'ના 'અંતરના ગેબી નાદરૂપે' એક પદ અવતરે છે, જેના શબ્દો છે :

'વાવડ આવ્યા દસે દિશાથી, પધારશે પ્રભુ પળમાં આવી.'

પણ 'મા' જાણે છે કે, 'પ્રભુનો પદરવ તો અતિ સૂક્ષ્મ, દિવ્ય, અદશ્ય હોવાનો. દેવલોકની એ પરંપરામાં ઢોલ-નગારાં-જાહેરાત-પ્રચારમંડળી-પત્રિકા કશું ન હોય. બધું જ ગોપનીય ! એ પ્રસાદ અચાનક-અણધાર્યો, કોઈપણ પળે આવે. તો તે ઝીલવા વાહક-માધ્યમ બનવા તત્ક્ષણ તૈયાર રહેવું પડે ! તો કરવું શું ?

'મંત્રની 'પગદંડી' ન ચાલે (પછી તે ૧૩-૧૬-૨૦ કે ૨૪ કરોડની કેમ ન હોય ?) એટલે એ ગણતરી મૂકી, 'પથારી' જ કરો : જપની-તપની-વ્રત-ઉપવાસ-ત્યાગની સળંગ પથારી ! જીવનધરતી પર ટાંકણીની પણ જગ્યા ન છોડતાં, સર્વત્ર જપ...જપ...જપ...પ્રાર્થના...પ્રાર્થના...પ્રાર્થના...જેથી પ્રભુ કોઈપણ દિશાથી, કોઈપણ ક્ષણે પગલી પાડી શકે.'

'પ્રભુની 'પ્રત્યક્ષ પધરામણી' ઝીલવા ભારે પુરુષાર્થ કરવો પડે. તો એ પરિશ્રમ પણ પરમ સખાની શક્તિથી જ થશે ને ?''

એટલે 'મા' જીવનમાં સાધના નહીં, સાધનામાં જ સમગ્ર જીવન પરિવર્તિત કરી દેવા ચાહે છે. એ 'શુભસંકલ્પ' સ્વરૂપે જ એમનું 'નિત્ય સાધનાપત્રક' તૈયાર થાય છે :

૧. દરરોજ ૨૨૫ દંડવત્ પ્રણામ

૨. દર વરસે એક કરોડ જપ કરવાના

૩. તા.૦૯/૦૧/૨૦૧૮ના દિવસે વીસ (૨૦) કરોડ જપ પૂર્ણ થયા.

૪. ચાર હજાર અઢાર (૪૦૧૮) નિર્જળા પૂર્ણ થયા.



૫. ઈ.સ. ૧૯૯૫ થી ૨૦૦૭ (બાર વર્ષ) ૧૨ વર્ષ મૌનવ્રત પૂર્ણ.

૬. આયુષ્યના વર્ષ પ્રમાણે તેટલા દિવસ મૌનવ્રત :

| ઈ.સ. | ૨૦૧૫ | ૨૦૧૬ | ૨૦૧૭ | ૨૦૧૮ |
|---|---|---|---|---|
| દિવસ | ૭૨ | ૭૩ | ૭૪ | ૭૫ |

૭. મંત્રજપ સાથે પદ્માસનમાં ધ્યાન દરરોજ દોઢ કલાક

૮. દરરોજ શીર્ષાસન અને હળવો વ્યાયામ

૯. મૌનવ્રતના વિશેષ દિવસે બે કલાક પ્રાર્થના અને વિશેષ માળા.

'મા'ના આ 'સાધનાપત્રક'નો મર્મ :

❀ અમે તો જીવનયોગી છીએ. પળેપળનો હિસાબ રાખનારાં ! જે સમયે જે નક્કી કર્યું હોય તે જ કરીએ. જીવનમાં વ્યવસ્થા-આયોજન-સાતત્ય હોવાં જ જોઈએ. જેમતેમ અરાજકતાભર્યું જીવન જીવાય એમાં સૌંદર્ય-મહેક હોતાં નથી.

❀ આ 'મા'ના હાથ-કલમ-કાગળ-મન-હૃદય પરમ સખાનાં પવિત્ર પ્રસાદ જેવાં બની ગયાં છે. નિત્ય નવી શક્તિથી સજાવવા દરરોજ પ્રભુ કાંઈ એવું લખાવે-કરાવે, જેથી 'મા' મન દઈને સાધના કરે.

❀ અમે તો છીએ નમી પડેલા અહમ્‌નો ધૂપદીપ ! પ્રતિક્ષણ પ્રભુને ધરવામાં ગુલતાન ! દેહ છે ત્યાંસુધી પ્રભુપ્રેમ પ્રગટાવવા મથીએ છીએ.

❀ સંસાર આખામાં એક રહે છે ભગવાન ને બીજો ભક્ત. એટલે એ 'કાન્ત-પ્રિયતમ પ્રભુ' માટે જ સર્વ સાધના !

'વો થકતે હૈં ઔર ચૈન પાતી હૈ દુનિયા.'